પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૬૩, કુલ પાના:૪, તારીખ: ૦૩-૧૧-૨૦૨૦ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 63 PRICE :-RS. 1.50 DATE : 03-11-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ૧૮.૭૫ લાખ મતદાતા પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે

# પ્રતિષ્ઠાનો જંગ: આજે રાજ્યની આઠ વિધાનસભાની બેઠકો પર મતદાન





- ★ કુલ મતદારોની સંખ્યા ૧૮,૭૫,૦૩૨.
- ★ ૧૮૦૭ મતદાન સ્થળો પર મતદાન મથકો કરાયા તૈયાર.
- ★ હરીફ ઉમેદવારોની સંખ્યા ૮૧.
- ★ ૪૧૯ માઈક્રો ઓબ્ઝર્વર, ૩૨૪ સેક્ટર ઓફિસર, ૮ જનરલ ઓબ્ઝર્વર, ૮ ખર્ચ ઓબ્ઝર્વર નિમાયા.
- ★ ૯૦૦ મથકોએથી લાઈવ વેબકાસ્ટ કરાશે.
- ★ ૩૪૦૦થી વધુ થર્મલ ગનથી મતદારોનું ચેકિંગ.
- ★ સ્ટાફ-મતદારો માટે મોટા ફેસ શિલ્ડ, ફેસ માસ્ક, પીપીઈ કિટ્સની વ્યવસ્થા કરાઈ.

**ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થશે: પુરુષ મતદારો ૯ લાખ ૬૯ હજાર ૮૩૪ અને મહિલા મતદારો ૯ લાખ ૫ હજાર ૧૭૦ છે, ૧૮૦૭ મતદાન સ્થળોમાં ૩૦૨૪ મતદાન મથકોમાં મતદાન, કોવિડના કારણે એક મતદાન મથકમાં ૧૫૦૦ની જગ્યાએ ૧ હજાર મતદારો મતદાન કરશે, કુલ ૮૧ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ.**

ગાંધીનગર,

ગુજરાતમાં ચૂંટણી પ્રચાર થમી ગયો છે. આજે એટલે કે ૩ નવેમ્બરે ગુજરાતની ૮ વિધાનસભા સીટ પર પેટાચૂંટણી થનાર છે. મંગળવારે થનાર ચૂંટણી માટે કુલ ૧૦૨ નામાંકન દાખલ થયાં હતાં, જેમાંના ૨૧ નામાંકન અંતિમ દિવસે પાછા ખેચી લેવામાં આવ્યાં. આવી રીતે ૮૧ ઉમેદવારો હવે ચૂંટણી મેદાનમાં છે. આ ઉપરાંત ૫૨ અપક્ષ ઉમેદવારો પણ ચૂંટણી મેદાનમાં છે.

જે આઠ વિધાનસભા સીટ પર મતદાન થવાનું છે તેમાં કચ્છની અબડાસા, સુરેન્દ્રનગરની લિંબડી, મોરબી, અમરેલીની ધારી, બોટાદની ગઢડા, ડાંગ અને વલસાડની કપરાડા સીટ છે. હજી બે સીટ દ્વારકા અને મોરવા હડફ ખાલી પડી છે પરંતુ કોર્ટમાં મામલો લંબિત પડ્યો હોય આ બે સીટ પર ચૂંટણીની ઘોષણા થઈ શકી નથી. આ સીટો પર ૧૮ લાખ ૭૫ હજાર ૦૩૨ મતદાતા છે, જેમાં ૯,૬૯,૮૩૪ પુરુષ અને ૯,૦૫,૧૭૦ મહિલાઓ અને ૨૮ થર્ડ ઝેન્ડર સામેલ છે. ૧૮૦૭ મતદાન સ્થળો પર ૩૦૨૪ કેન્દ્ર બનાવવામાં આવ્યાં છે. ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર પ્રત્યેક મતદાન કેન્દ્ર પર મહત્તમ ૧૫૦૦ મતદાતાઓને બદલે માત્ર ૧૦૦૦ મતદાતા સંખ્યા છે. મતદાન કેન્દ્રો પર ૪૧૯ માઈક્રો ઑબ્જર્વર છે. મતદાનના દિવસે નવ સો મતદાન કેન્દ્રોથી લાઈ વેબકાસ્ટિંગ થશે. ખર્ચ નિરીક્ષણ માટે ૨૭ ફ્લાઈંગ સ્ક્વૉડ, ૨૭ સ્ટેટિક સર્વેલાંસ ટીમ બનાવવામાં આવી છે. સ્ટેટિક સર્વેલાંસ ઉપરાંત ૧૮ વીડિયો સર્વેલાંસ, ૮ વીડિયો વ્યુઈંગ ટીમ અને આઠ હિસાબી ટીમ અને ૮ સહાયક ખર્ચ નિરીક્ષક છે. ચૂંટણી ખર્ચ પર નિયંત્રણ ટીમ અને આબકારી અને નસાબંધી વિભાગે એક નવેમ્બર સુધી એક કરોડ રૂપિયાનો દારૂ જપ્ત કર્યો છે. જ્યારે ભરૂચમાં ૨૫ લાખ રૂપિયા જપ્ત કર્યા. જેની પોલીસ અને આવકવેરા વિભાગ તપાસ કરી રહી છે.

**અબડાસા, ધારી, લિબંડી, મોરબી, ધારી, ગઢડા, ડાંગ અને કપરાડા સીટ પર મતદાન યોજાશે**

કોંગ્રેસ અને ભાજપ જેવા પ્રમુખ રાજનૈતિક દળોએ સામાન્ય સભાઓ અને ઘરે ઘરે જઈ મતદાતાઓને લોભાવવાની કોશિશ કરી. સાથે જ પ્રચાર માટે સોશિયલ મીડિયાનો પણ સહારો લીધો. આ વિધાનસભા પેટાચૂંટણીમાં જ્યાં કોંગ્રેસે પોતાના સ્થાનિક નેતાઓને ચૂંટણી પ્રચારમાં ઉતાર્યા છે, ત્યાં જ ભાજપે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી ઉપરાંત મંત્રિમંડળના સભ્યો અને કેટલાય કેન્દ્રીય મંત્રીઓને પ્રચારમાં ઉતારી દીધા હતા. ઉલ્લેખનીય છે કે રાજ્યસભા ચૂંટણી પહેલાં આઠ સીટ પર કોંગ્રેસના ધારાસભ્યોએ રાજીનામાં આપી દીધાં હતાં. જેને પગલે આ પેટાચૂંટણી કરાવવી પડી રહી છે.

## સી-પ્લેનની સવારી માટે લોકો પરેશાન, અધિકારીઓની લાલીયાવાડી સામે આવી

ગાંધીનગર,

દેશની પ્રથમ સી-પ્લેન સેવા ૩૧ ઓક્ટોબરથી શરૂ થઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સેવાની શરૂઆત કરી છે. પીએમ મોદી સી-પ્લેનથી કેવડિયાના સ્ટેચ્યુ ઓફ યુનિટીથી અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ સુધીની યાત્રા કરી હતી. ત્યારે અનેક લોકોએ સી-પ્લેનના ભાડાને લઈ અસમંજસમાં છે કારણ કે, શહેરીજનોથી લઈ રાજ્યના અનેક શહેરોના લોકો આ પ્લેનમાં સફર કરવા માટે થનગની રહ્યા છે. પરંતુ તમને જણાવી દઈએ કે, સી-પ્લેનના ભાડાને લઈ કોઈ યોગ્ય નિર્ણય લેવાયો નથી કારણ કે, સી-પ્લેનની મુસાફરીનું કોઈ નક્કી ભાડું સામે આવી રહ્યું નથી. કારણ કે, સી-પ્લેનમાં સવારે પહેલી ફ્લાઈટનું ભાડું રૂ. ૧૫૯૦ છે, જ્યારે બીજી ફ્લાઈટનું ભાડું રૂ. ૨૨૦૦થી વધુનું છે. માટે સાફ કહી શકાય કે સરકારે સી-પ્લેનની સેવા શરૂ કરી છે

પરંતુ તેમા યોગ્ય શિડ્યુલ નક્કી કર્યું નથી. આ પહેલા એવું કહેવામાં આવ્યું હતું કે, સાબરમતીથી કેવડિયા જવાનું ભાડું ૧૫૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યુ છે અને અમદાવાદ પરત આવવાના ૧૫૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. આમ આવવાજવાના કુલ ૩૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. પરંતુ હવે



સી-પ્લેનમાં પહેલી ફ્લાઈટનું ભાડું રૂ. ૧૫૯૦ છે, જ્યારે બીજી ફ્લાઈટનું ભાડું રૂ. ૨૨૦૦થી વધુનું છે. જેનાથી લોકો પણ મુશ્કેલીમાં મૂકાયા છે. આ સાથે જ સી-પ્લેનની ટિકિટ બુકિંગ અને ફ્લાઈટ અનશિડ્યૂલ હોવાને કારણે લોકો હેરાન થઈ રહ્યા છે. લોકોનું એવું પણ કહેવું છે કે,

ઓનલાઈન સાઈટ પર રિક્વેસ્ટ આપવા છતા ટિકિટ માટે કોઈ જવાબ મળતો નથી અને લોકોએ સાબરમતી રિવરફ્રન્ટ પર વોટર એરોડ્રામ ખાતે ટિકિટ લેવા આવવું પડે છે. જે લોકોએ ઓનલાઈન ટિકિટ બુક કરાવી હતી તેમની રિક્વેસ્ટ એક્સેપ્ટ કરી લેવાય છે, પરંતુ ટિકિટ લેવા માટે રૂબરૂ જવું પડે છે. આમ સી-પ્લેનમાં ફ્લાઈટના અનશિડ્યૂલ અને ઓનલાઈન બુકિંગના ધાંધિયાના કારણે લોકો હેરાનપરેશાન થઈ રહ્યા છે. ત્યાં જ એવી માહિતી પણ સામે આવી રહી છે, કે કેવડિયાથી સી-પ્લેન ખાલીખમ પાછું આવી રહ્યું છે.

## આજથી સ્ટેચ્યુ ઓફ યુનિટી પુન: પ્રવાસીયો માટે મુકાશે ખુલ્લું

કેવડીયા,

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી સાથે પ્રધાન મંત્રી નરેંદ્ર મોદીએ ૧૭ જેટલા પ્રોજકટનું લોકાર્પણ કરીને કેવડિયા પ્રવાસન ધામને ખુલ્લું મૂક્યું છે. આગામી ૩ નવેમ્બરથી તમામ પ્રોજેક્ટ પ્રવાસીઓ માટે ખુલ્લા થઈ જશે. જેના માટે ઓનલાઈન ટિકિટ બુકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. પ્રવાસીઓ દિવાળીની રાજાઓમાં કેવડિયા પ્રવાસન ધામ ખાતે આવે તેવું તંત્ર દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે. હોટેલ અને ટેન્ટ



સીટી સંચાલકો પણ પ્રવાસીઓને આવકારવા સજ્જ બન્યા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના ૩ નવેમ્બરના પાંચ સ્લોટમાં ૫૦૦ થી વધુ ટિકિટ અત્યારથી જ બુક થઈ ગઈ છે.સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૩ નવેમ્બરે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પ્રવસીઓ બુક કરાવી રહ્યા છે. બે સ્લોટ પેક પણ થઈ ગયા છે. હવે પ્રવાસીઓ સી-પ્લેન મારફતે પણ કેવડિયા ફરવા આવશે. આમ રોડ, હવાઈ બંને રીતે પ્રવસીઓ આવી શકશે. આગામી સમયમાં ટ્રેન પણ શરૂઆત થશે. ત્યારે પણ પ્રવસીઓની અવર જવર જોવા મળશે.

## કોણ બનશે રાષ્ટ્રપતિ? ટ્રમ્પ કે બિડન: આજે ફેંસલો

વોશિંગ્ટન,

વિશ્વભરમાં કોરોનાનો પ્રકોપ અમેરિકામાં સૌથી વધુ છે. આ બધાની વચ્ચે અમેરિકામાં રષ્ટ્રપતિ ચૂંટણી પણ યોજાવાની છે. ડેમોક્રેટ ખેમા જ્યાં કોરોનાથી નિપટવામાં ટ્રમ્પની નીતિઓને નિષ્ફળ બતાવી રહ્યા છે. તો બીજી બાજૂ ડોનાલ્ડ ટ્રમ્પ ચીની વાયરસના બહાને વિરોધીઓ પર નિશાન સાધી રહ્યા છે. અમેરિકમાં આવતીકાલે ચૂંટણી છે. ગયા વખતે જેમ આ વખતે પણ ટ્રમ્પ સર્વેમાં પાછળ છે. પરંતુ તેઓ બાજી પલટવાનો દાવો કરી રહ્યા છે.



બિડેન ટ્રમ્પના મુદ્દને જોર-શોરથી ઉઠાવી રહ્યા છે. અને ટ્રેપના વોટ બેંક પર અસર કરી છે.

અમેરિકી ચૂંટણીમાં પ્રથમવાર ભારતીય મુળના મતદારો મોટી તાકાત બનીને ઉભર્યા છે. ૧૬ રાજયોમાં તેની કુલ અમેરિકી વસ્તીના એક ટકાથી વધુ છે પરંતુ મહત્વની વાત એ છે કે ૧૩ લાખ ભારતીય તે રાજયોમાં રહે છે. અને કાંટે કી ટક્કર રહેશે.

એવામાં કોઈપણ પક્ષ માટે એક-એક મત કિંમતી બને છે યાદ રહે કે ભારતીય વડાપ્રધાને અમેરિકામાં એક કાર્યક્રમ દરમ્યાન હાલમાં ટ્રમ્પ સરકારનો નારો લગાવ્યો હતો. ટ્રેપ પણ અવાર-નવાર ભારત પ્રત્યે પ્રેમ વ્યકત કરતા નજરે પડયા છે.

અમેરિકામાં ૨૪ કરોડ મતદાતા છે ૨૮ ઓકટોબર સુધીમાં ૭.૫ કરોડથી વધુ મત નાખવામાં આવી ચૂકયા છે. ૨૦૧૬ માં અર્લી મતદાનથી ૫ કરોડથી વધુ લોકોએ મત આપ્યા હતાં.

ચૂંટણી જાણકારોનું કહેવું છે કે ગયા વખતની જેમ આ વખતે પણ સાઈલેન્ટ મતદારો જ કિંગ મેકર હશે. ત્યાં મતદાન માટે બે વિકલ્પ છે. એક તો મેલ અથવા ફરી અર્લી વોટિંગ બીજુ મતદાન કેન્દ્ર પર જઈને મત આપવો.

અમેરિકાની ચૂંટણી પ્રક્રિયા ભારતથી અલગ છે ત્યાં રાષ્ટ્રપતિની ચૂંટણી અપ્રત્યક્ષ રૂપથી હોય છે. અમેરિકી નાગરીક તે લોકોની પસંદગી કરે છે જે રાષ્ટ્રપતિની ચૂંટણી કરે છે. અમેરિકામાં કુલ ૫૦ રાજયો છે. ૫૦ રાજયોથી કુલ ૫૩૮ ઈલેકટર્સની પસંદગી કરવામાં આવે છે તેને ઈલેકટોરલ કોલેજ કહે છે.

## ઓક્ટોબર માસમાં મેન્યુફેક્ચરિંગ PMI ૫૮.૯ ટકાના સ્તરે

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસની મહામારીનું સંક્રમણ ફરી વધતા દુનિયાભરના કેટલા દેશોમાં ફરી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી રહી છે ત્યારે બીજી બાજુ ભારતીય અર્થતંત્રમાં રિકવરીના સંકેત મળી રહ્યા છે. તેમાં ઓકટોબર મહિનામાં મેન્યુફેકચરિંગ ક્ષેત્રે ઉત્પાદન વધતા એક નવો રેકોર્ડ બન્યો છે. આઈએચએસ માર્કિટ દ્વારા સંકલિત નિક્કી મેન્યુફેકચરિંગ પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ ગ્રોથ ઓક્ટોબરમાં ૫૮.૯ ટકાના સ્તરે રહ્યો છે, જે ચાલુ વર્ષે સપ્ટેમ્બરમાં ૫૬.૮ના સ્તરે હતો. આવી રીતે ગત ઓકટોબર મહિનામાં ભારરતના મેન્યુફેકચરિંગ પીએમઆઈ ગ્રોથમાં વર્ષ ૨૦૦૭ પછી સૌથી ઝડપી વૃદ્ધિ જોવા મળી છે. આવી રીતે ભારતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે સતત ત્રીજા મહિને સકારાત્મક વૃદ્ધિ જોવા મળી છે.

પીએમઆઈમાં ૫૦થી ઉપરનું લેવલ વૃદ્ધિના સંકેત આપે છે જ્યારે તેનાથી નીચેનું લેવલ સંકોચન દર્શાવે છે. રિપોર્ટ મુજબ માંગ અને ઉત્પાદનમાં જંગી વૃદ્ધિથી મેન્યુફેકચરિંગ કામકાજમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. તેમ છતાં રોજગારીના મોરચે સારા અહેવાલ મળ્યા નથી કારણે કંપનીઓ દ્વારા કર્મચારીઓની છટણી ચાલુ રહી છે.

(અનુ.પાના.નં.૨)

**મનીષ એન્ટરપ્રાઈઝ દ્વારા રોજગારીની ઉત્તમ તક.....**
ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.
મો.9737024962 / 7778024962

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**રાવત મુફદ્દલ શાકીરભાઈ**
દાહોદ

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**રાવત રશીદા શાકીરભાઈ**
દાહોદ

## દેશના ખેડૂતોએ મંડી માંગી તો વડાપ્રધાને મંદી થમાવી: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,

કૃષિ કાયદાને લઈને કોંગ્રેસ સતત કેન્દ્ર સરકાર પર નિશાન સાધતી રહી છે. આ વચ્ચે એકવાર ફરી કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ રાહુલ ગાંધીએ મોદી સરકાર પર કૃષિ કાયદાને બહાને નિશાન સાધ્યુ છે.

રાહુલ ગાંધીએ ખેડૂતોના મુદે એકવાર ફરી મોદી સરકારને નિશાને લીધા અને આસમાને પહોંચતી મોંઘવારી વચ્ચે સુસ્ત પડેલી આર્થિક રફતાર પર નિશાન સાધ્યુ.



રાહુલ ગાંધીએ ટ્વીટ કરી લખ્યુ કે દેશના ખેડૂતોએ માગી મંડી, વડાપ્રધાને થમાવી દીધી મંદી. રાહુલે પોતાની ટ્વીટ દ્વારા ફરી એકવાર કૃષિ કાયદા અને ખેડૂતની સાથે-સાથે વેપારીઓની દુર્દશાને લઈને પોતાની વાતને બેવડાવી છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી કૃષિ કાયદાને લઈને સતત વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધી રહ્યા છે. રાહુલ નવા કૃષિ કાયદાને ખેડૂતો, મજૂરો અને દેશના પાયાને કમજોર કરનારા ગણાવી ચૂક્યા છે.

અગાઉ પણ રાહુલ ગાંધીએ છત્તીસગઢમાં વીડિયો લિંક દ્વારા પોતાના સંબોધનમાં કહ્યુ હતુ કે મને આશા છે કે કૃષિ કાયદાને લઈને વડા પ્રધાન એકવાર ફરી વિચાર કરશે.

રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે દેશના ખેડૂતોની દશા કોઈનાથી છુપી નથી. આપણે ખેડૂત ભાઈઓ અને નાના દુકાનદારોની રક્ષા કરવી જોઈએ. આપણે સાથે મળીને ઉભુ રહેવુ જોઈએ કેમ કે મજૂર અને ખેડૂત આ દેશનો આધાર છે. આની રક્ષા સાથે જ દેશ મજબૂત થશે.

કોંગ્રેસે કેન્દ્ર સરકારના કાળા બજારી કરનાર વિરૂદ્ધ કડક કાર્યવાહીની માગ કરી છે. સાથે જ દેશમાં ખાદ્ય વસ્તુઓના પર્યાપ્ત ભંડાર ઉપલબ્ધ કરાવવાનુ પણ કહ્યુ છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૯ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી સુ નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૨-૧૧-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૨૯૬ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લારમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાના ૦૧પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૨૦૫ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૭૧૭૯૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૧ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૫ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિ૧ટલ, લુણાવાડા, ૨૭ દર્દી હોમ આઇસોલેશન, ૦૨ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૪દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૧ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

# મહીસાગર જિલ્લા પંચાયત હોલ ખાતે અધિકારીઓ/કર્મચારીઓ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ કાર્યક્રમ યોજાયો




લુણાવાડા,
ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (GSDMA) ગાંધીનગર, મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરી તથા જિલ્લા પંચાયત મહીસાગર અને બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા સંયૂકત ઉપક્રમે મહીસાગર જિલ્લાના વિવિધ વિભાગ જેવા કે પંચાયતી રાજ, શિક્ષણ, શહેરી અને ગ્રામ વિકાસ તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ/ કર્મચારીઓ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની ૨૦ દિવસની અલગ – અલગ વિભાગની તાલીમ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ છે.જે અંતર્ગત શરૂ થતા તાલીમ કાર્યક્રમ નો સવારે ૧૦:૩૦ કલાકે જિલ્લા પંચાયત હોલ ખાતે નિવાસી અધિક કલેક્ટર આર.આર ઠક્કરના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને અધિકારીઓ/કર્મચારીઓ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. પ્રથમ દિવસની તાલીમમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ ને આપત્તિ વ્યવસ્થાપનમાં રાખવાની તકેદારી અંગેની તાલીમ આપવામાં આવી હતી.જેમાં શાળાઓમાં આપત્તિ અંગેની સલામતીના પાઠ શીખવવામાં આવશે.

આ તાલીમ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર આર.આર ઠક્કરેજણાવ્યું હતું કે, આવતી કુદરતી આફતોને આપણે રોકી નથી શકતા પણ આફતોનો સામનો કરી આપત્તિ વ્યવસ્થાપન કરી તેમાં થનાર નુકશાનને આપણે ઓછું કરી શકીએ આફતી સમયે શું કરવું તેની જાણકારી માટે આ તાલીમ કાર્યક્રમો વિવિધ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ માટે ઘણાં ઉપયોગી નિવડશે વધુમાં નિવાસી અધિક કલેક્ટરએ જણાવ્યું કે કોરોના સમયમાં ફરજીયાત માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અને વારંવાર હાથ સાફ રાખવા પર ખાસ ભાર મુકયો હતો.

આ તાલીમમાંજિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીવાય એચ પટેલ, પ્રાથમિક શિક્ષણ અધિકારી કિરીટભાઇ પટેલ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિ.પી.ઓ જિગર મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

# બાકોરથી નવાધરા ગામનો માર્ગ બિસ્માર બનતા નવા રસ્તાની માંગ સાથે ચુંટણી બહિષ્કારની ચિમકી

મલેકપુર,
બાકોરથી નવાધરા જવા માટેના રસ્તાની છેલ્લા કેટલાંક વર્ષોથી ગ્રામજનોની માંગણી હોવા છતાં આજદિન સુધી બનાવ્યો નથી. જેને લઈને ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. વધુમાં ગ્રામજનો જણાવી રહ્યા છે કે, નવાધરા જવા માટેનો રસ્તો મામલતદાર કચેરીના બાજુના રસ્તા પરથી જવાનુ હોય છે. તંત્રને પણ જાણ છે કે, ૫ કિમીનો રસ્તો નથી અને આ અંગે ગ્રામજનો દ્વારા વારંવાર રજુઆતો કરવામાં આવી છે છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યુ છે. કાર્યવાહી ન કરવામાં અને પક્ષપાત થતો હોવાના આક્ષેપો ગ્રામજનો કરી રહ્યા છે. રસ્તો ન હોવાથી બિમારી દર્દીઓને દવાખાને લઈ જવુ હોય કે પ્રસૃતિ માટે લઈ જવાના હોય તો ૧૦૮ની સુવિધા પણ મળી શકતી નથી. રસ્તાની માંગણીઓ અધિકારીઓ અને નેતાઓને કરેલ છે તેમ છતાં રસ્તાનુ કોઈ નિરાકરણ આવ્યુ નથી. જો વહેલી તકે ગ્રામજનોની આ માંગણી નહિ સંતોષાય તો આગામી દિવસોમાં ચુંટણી બહિષ્કારની ચિમકી ગ્રામજનોએ ઉચ્ચારી છે.

# મહીસાગર જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવથી ડાંગર, મકાઇ, બાજરીની ખેડુતો પાસેથી સીધી ખરીદીમાં નોંધણીની મુદત ૧૦મી નવેમ્બર-૨૦૨૦ સુધી વધારાયા

લુણાવાડા,
રાજય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ખરીફ માર્કેટીંગ સીઝન – ૨૦૨૦-૨૧ અંતર્ગત ડાંગર, મકાઇ અને બાજરીની ખરીદી આગામી તાઃ ૧૬-૧૦-૨૦૨૦ થી તાઃ ૩૧-૧૨-૨૦૨૦ દરમ્યાન ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લી. ના ડાંગર / મકાઇ માટે લુણાવાડા, સંતરામપુર, વિરપુર, બાલાસિનોર તથા ખાનપુર તાલુકા માટે અંબિકા એનીમલ્સ ફીડસ ગામ ચારણના દહેગમડા તથા બાજરી માટે વિરપુર, બાલસિનોર ગોડાઉન કેન્દ્રો ખાતે તથા ખાનપુર તાલુકા માટે અંબિકા એનીમલ્સ ફીડસ ગામ ચારણના દહેગમડા ખરીદ કેન્દ્ર ઉપર થવાની છે. ત્યારે લઘુત્તમ ટેકાના ભાવે પાકનું વેચાણ કરવા ઇચ્છુક ખેડુતો માટે રજીસ્ટ્રેશનની મુદ્દતમાં વધારો કરાયો છે. જે અંતર્ગત ખેડુતો આગામી તા -૧૦ મી નવેમ્બર સુધી રજીસ્ટ્રેશન કરાવી શકશે. સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર, મકાઇ અને બાજરીની ખરીદી પુરવઠા નિગમનાં કેન્દ્રો પર થવાની છે. જે અંતર્ગત મહિસાગર જીલ્લાના જે પણ ખેડુતો પોતાના ડાંગર, મકાઇ અને બાજરીના પાકનું લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છુક હોય તેવા ખેડુતોએ ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લી. તાલુકા ગોડાઉન ખાતે અગાઉ તા-૨૯/૧૦/૨૦૨૦ સુધીમાં નોંધણી કરાવવાની હતી. જો કે હાલની પરિસ્થિતિને દયાનમાં લઈ સરકાર દ્વારા આ મુદતમાં વધારો કરી તા-૧૦/૧૧/૨૦૨૦ સુધીમાં ખેડુતો નોંધણી કરાવી શકશે. તે માટે નોંધણી કરાવવા તમામ ખેડૂતોને જાણ કરવામાં આવે છે. નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે આધાર કાર્ડની સેલ્ફ એટેસ્ટેટ નકલ, આધાર નોંધણી નંબર અને તે અંગેનો પુરાવો અદ્યતન ઓરીજનલ ગામ નમુનો નંબર-૭/૧૨, ૮/અ રેકોર્ડ્સની નકલ, ફોર્મ નંબર ૧૨ માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઇ હોઇ તો પાક વાવ્યા અંગેનો તલાટીનો સહી સિક્કા સાથેનો ઓરીજનલ દાખલો, ખેડુતોના નામે IFSC કોડ સહિતની બેન્ક એકાઉન્ટની વિગતો માટે બેન્ક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની ઓરીજનલ નકલ સાથે લાવવાના રહેશે. ખેડુતોને તેમનો જથ્થો સાફ – સુફ તથા ચારણો કરી તેમજ તેમાં ભેજનું પ્રમાણ નિયત મર્યાદામાં રહે તે માટે જરૂરી જણાયે તડકામાં સુકવી ખરીદ કેન્દ્ર ખાતે લાવવાનો રહેશે. જેથી ખેડૂતોનો જથ્થો અસ્વિકૃત ન થાય રજીસ્ટ્રેશન બાબતે કોઇ મુશ્કેલી જણાય તો જે – તે તાલુકાના સરકારી અનાજ ગોડાઉન કેન્દ્રના ગોડાઉન મેનેજરનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. તેમ નાયબ જિલ્લા મેનેજર, ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લી.મહીસાગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડીટવાસના ઉપક્રમે હેલ્થ એન્ડ વેલનેસ કેન્દ્ર ઝાલાસાગ ખાતે રકતદાન કેમ્પો યોજાયો



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વરચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રકત મળી રહે અને રકતના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લાન આરોગ્યવ તંત્ર દ્વારા જિલ્લાતમાં અવાર-નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરીમાં ડીટવાસ પ્રાથમિક આરોગ્યા કેન્દ્રઓના ઝાલાસાગ હેલ્થિ એન્ડ વેલનેસ કેન્દ્ર ખાતે ડો. સુભાષ ઢાંકા, કોમ્યુનીટી હેલ્થ ઓફિસર તુષાર પટેલ તથા તેમની આરોગ્યહ ટીમ અને રેડક્રોસ સોસાયટી, ગોધરાના ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાઇ ગયો.

ઝાલાસાગ ખાતે યોજાયેલ રકતદાન કેમ્પસમાં ૬૦ રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રકતદાન-મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો.

આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઇડલાઇનનું અને દિશાનિર્દેશોની સાથે ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રકતદાન કરાવવામાં આવ્યું હતું.

આ રક્તદાન કેમ્પમાં ૬૦ બ્લડ યુનીટનું કલેકશન કરવામાં આવ્યું હતું. રકતદાતાઓ જયારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર બિરેન્દ્રસીંગે રકતદાન કેમ્પમાં કોરોનાને દયાને લઇ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રક્તદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુરહિત રહે તેનું સુચારૂ આયોજન કર્યુ હતું. સાથે આ રકતદાન કેમ્પમાં રકતદાન કરનાર દરેક રકતદાતાને રેડક્રોસ સોસાયટી પંચમહાલ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યાક હતા.

આ રકતદાન કેમ્પા દરમિયાન રકતદાતાઓને માસ્કત પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળવા દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવવા, વારંવાર સાબુથી હાથ ધોવા કે સેનેટાઇઝરનો ઉપયોગ કરવા તથા તેમની અને તેમના સ્વાજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પદ્ધગતિઓ અપનાવવા અને યોગ-વ્યાનયામ ઇત્યાદિથી જીવનશૈલી સુધારવા તથા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા અંગે સમજ આપી આ સંદેશો જનજન સુધી પહોંચાડવા જણાવાયું હતું.

# લુણાવાડાથી બાલાસિનોર તાલુકાના દેવ ચોકડી વિસ્તાર સહિતના ગામોમાં કોમર્શિયલ સેન્ટરોનો રાફડો : ગેરકાયદેસર દબાણો

બાલાસિનોર,
મહિસાગર જિલ્લા મથક લુણાવાડા તરફના મુખ્ય માર્ગ બાલાસિનોર તાલુકાના દેવચોકડી, દાદાના મુવાડાથી લઈ ગોરજીના મુવાડા, આગરવાડા રોડ તથા દેવ ચોકડીની ચારે કોર બિલાડીના ટોપની માફક કોમર્શિયલ સેન્ટરોનો રાફડો ફાટેલો દેખાય છે. રોડની બંને તરફ કોમર્શિયલ સેન્ટરોનુ બાંધકામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. આમાના કેટલાંક કોમર્શિયલ સેન્ટરોનો માર્ગ અને મકાન પેટા વિભાગ કચેરી દ્વારા ચાલી રહેલા બાંધકામમાં ગેરકાયદેસર દબાણ કરી સરકારના નિયમ વિરુદ્ધનુ હોવાથી બાંધકામો દુર કરવા તેમજ આ બાંધકામ કરવા માટે કોમ્પલેક્ષ વાળાઓને નોટિસ પાઠવી હતી.

નોટિસમાં મંજુરીના આધારા પુરાવા દિન-૭માં રજુ કરો નહિ અને જો તેમ કરવામાં કસુર થશે અથવા તો સમય મર્યાદાનમાં દબાણો હટાવવામાં નહિ આવે તો ખાતા દ્વારા દબાણો દુર કરવામાં આવશે. તેવી નોટિસ ફટકારતા ગેરકાયદેસર બાંધકામ કર્તાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

આ કોમર્શિયલ સેન્ટરોને ખેતીની જમીનમાં કેટલીક જગ્યાએ બન્યા હોવાથી એન.એ.ની એન.ઓ.સી.મેળવેલ છે કે કેમ તે અંગે પણ ઉંડાણપુર્વક તપાસ થાય તે જરૂરી બન્યુ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા દબાણ કરી ગેરકાયદેસર બાંધકાયમ કરવા આવા કોમ્પલેક્ષોને નોટિસો આપવા હોવા છતાં પણ કોમ્પલેક્ષ માલિકો દ્વારા કોઈની પણ પરવા ન હોય તેમ ધમધોકાર બાંધકામ ચાલુ રાખેલ છે. વધુમાં આસપાસના લોકોમાં થતી ચર્ચા પ્રમાણે વીજળી કંપની દ્વારા નડતરરૂપ લાઈનોનુ ખસેડવાનુ પણ તાત્કાલિક ધોરણે કરવામાં આવ્યાનુ પણ ચર્ચાએ જોર પકડ્યુ છે. તેમજ આ શોપિંગ સેન્ટરોમાં કેટલાંક વિભાગના અધિકારીઓની જુદા જુદા નામોએ દુકાન રાખેલ હોવાથી પ્રજામાં થતી ચર્ચાઓ અનુસાર તેની પણ ઉંડાણપુર્વક તપાસ થાય અને ઉચ્ચ અધિકારીઓ અંગે નિષ્પક્ષ તપાસ થાય તો સત્ય-અસત્યની વાત પ્રકાશમાં આવે તેમ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.03-૧૧-૨૦૨૦, મંગળવાર, નિજ આસો વદ-૩, સૂર્યોદય-૬-૫૩, સૂર્યાસ્ત-૬-03, જૈન નવકારશી-૭-૪૧, આજની રાશિ: વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ રોહિણી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૯-૪૨થી ચલ-લાભ-અમૃત-૧૩-૫૪ સુધી, ૧૫-૧૯થી શુભ-૧૬-૪૩ સુધી, ૧૯-૪૩ થી લાભ-૨૧-૧૯ સુધી, ૨૨-૫૫ થી શુભ-અમૃત-ચલ-૨૭-૪૨ સુધી

- શુભ હોરા-
૮-૪૬થી ૧૧-૩૪ સુધી, ૧૨-૩૦થી ૧૩-૨૬ સુધી, ૧૫-૧૯થી ૧૮-૦૭ સુધી, ૧૯-૧૧ થી ૨૦-૧૫ સુધી

## રૂપાણીએ મહત્ત્વપૂર્ણ નિર્ણય
# રાજ્યમાં હવે લગ્ન સમારંભમાં ૨૦૦ લોકો હાજર રહી શકશે



ગાંધીનગર,
રાજ્યમાં કોરોનાના કારણે હવે લગ્ન પ્રસંગો કેન્દ્રની ગાઈડલાઈન્સ મુજબ થઈ રહ્યા છે, પરંતુ એમાં અત્યારસુધી ૧૦૦ લોકોની મર્યાદા નિર્ધારિત કરાઈ હતી. જોકે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે અને રાજ્યમાં ૨૦૦ લોકોને લગ્નપ્રસંગમાં હાજરી આપવાની છૂટ આપવામાં આવી છે. જોકે એના માટે કોવિડ-૧૯ની ગાઈડલાઈન્સનું પાલન કરવું પડશે.

હવે તમે પહેલાંની જેમ ધામધૂમથી લગ્ન કરી શકશો. લગ્ન સમારંભોમાં ૨૦૦થી વધુ મહેમાનોને આમંત્રિત કરી શકાશે. ઈચ્છો તેટલા મહેમાન બોલાવી શકાશે. બસ, તમારે મહેમાનોથી બમણી ક્ષમતાવાળું સમારોહ-સ્થળ શોધવું પડશે, કેમ કે હવે લગ્નમાં કોઈપણ હૉલ કે લગ્નસ્થળની ૫૦ ટકા ક્ષમતા જેટલા મહેમાનો જ બોલાવી શકાશે.

કોરોનાના કારણે બંધ રહેલાં સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય આયોજનો પણ આ રીતે શરૂ થઈ શકશે. ધારો કે તમે લગ્નમાં ૨૦૦ મહેમાનને આમંત્રિત કરી રહ્યા છો, તો સમારોહ સ્થળની ક્ષમતા ૪૦૦ મહેમાનની હોવી જોઈએ. કોરોનાના પગલે લોકડાઉન અને ત્યાર બાદ અનલોકની પ્રક્રિયા અંતર્ગત અગાઉ રોકાયેલા લગ્ન પ્રસંગોમાં હવે ગતિ આવે એવી શક્યતા છે. રાજ્યની રૂપાણી સરકારે લગ્ન પ્રસંગમાં હાજર રહેનારની સંખ્યા બમણી કરી દીધી છે, જે અગાઉ માત્ર ૧૦૦ હતી. હવે ૨૦૦ લોકો લગ્નપ્રસંગમાં આવી શકે તેવી છૂટ સરકાર દ્વારા આપવામાં આવી છે. જોકે આ છૂટછાટો આવતીકાલે ૩જી નવેમ્બરથી લાગુ થશે. બંધ હોલના કિસ્સામાં આવા પ્રસંગ માટે હોલની કેપેસિટી ૫૦ ટકા સુધી છૂટ અપાશે.

૨૨ માર્ચે જ્યારે જનતા કર્ફ્યુ લાગુ થયો હતો, એ પહેલાં જ દેશભરમાં રાજ્ય સરકારોએ ધાર્મિક, સાંસ્કૃતિક, એકેડમી, રમત-ગમત, મનોરંજન અને રાજકીય આયોજન પર પ્રતિબંધ લગાવી દીધો હતો. હવે એને ૨૧ સપ્ટેમ્બરે શરૂ કરવાની પરવાનગી અપાઈ હતી. ઓપન એર થિયેટરને પણ ૨૧ તારીખથી ખોલવાની છૂટ અપાઈ હતી, પણ આ કાર્યક્રમોમાં કેટલીક શરતો સાથે છૂટ હતી, જેમાં પ્રસંગોમાં ૧૦૦થી વધારે લોકો ભેગા નહીં થઈ શકે. પ્રસંગમાં હાજરી આપનારે માસ્ક પહેરવું ફરજિયાત હતું. ત્યાં સોશિયલ ડિસ્ટન્સિંગના ઉપાય કરવા જરૂરી હતા. ઉપરાંત આવી જગ્યાએ થર્મલ સ્ક્રીનિંગ અને હેન્ડ સેનિટાઈઝર કે હેન્ડ વોશની સુવિધા રાખવી ફરજિયાત હતી.

(પાન નં.૧ નું ચાલુ)

**ઓક્ટોબર માસમાં મેન્યુફેક્ચરિંગ....**

મેન્યુફેક્ચરિંગ સેક્ટરની સ્થિતિ હાલ પાછલા એક દાયકાના સૌથી સારા સ્તરે છે. સતત ૩૨ મહિના સુધી વૃદ્ધિ નોંધાવ્યા બાદ એપ્રિલમાં પીએમઆઈ ગ્રોથમાં ઘટાડો આવ્યો હતો. સળંગ ૩૨ મહિના સુધી પોઝિટિવ ગ્રોથ દર્શાવ્યા બાદ કોરોના મહામારી અને લોકડાઉનને પગલે ગત એપ્રિલમાં પીએમઆઈ ગ્રોથ નેગેટિવ ઝોનમાં સરી પડ્યો હતો. હાલ લોકડાઉન બાદ અનલોકમાં તબક્કાવાર આર્થિક ગતિવિધિઓ શરૂ કરવાની પરવાનગી આપતા ઔદ્યોગિક ક્ષેત્રે પણ કામકાજ વધી રહ્યા છે જેને પગલે પીએમઆઈ ગ્રોથ પણ વધ્યો છે.

## દૈનિક રાશીફળ
**તા.૦૩.૧૧.૨૦૨૦ મંગળવાર**

મેષ :- ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. યાત્રા દરમ્યાન સાવધાની રાખવી. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ. સત્સંગ થશે.
વૃષભ :- આર્થિક ક્ષેત્રોમાં ભાગ્યવર્ધક પ્રવૃત્તિઓનો યોગ આવકમાં વૃદ્ધિ થશે. શોધ વગેરે દ્વારા સફળતા પ્રાપ્તિનો યોગ.
મિથુન :- અપરણિતો માટે લ સંબંધી પ્રસ્તાવ આવશે. જીવનસાથીથી તનાવ ન રાખવો. વ્યર્થનાં મતભેદોથી દૂર રહેવું. વ્યાપાર મધ્યમ રહેશે. પ્રવાસ કરી શકશો.
કર્ક :- કર્મક્ષેત્રમાં વિસ્તાર સંબંધી કાર્યો માટે યાત્રાનો યોગ. નવા વ્યાપારિક ક્ષેત્રોમાં રુચિ વધશે. વ્યાપારનાં ભાગ્યવર્ધક સફળતાનો યોગ.
સિંહ :- શોધથી કાર્યક્ષેત્રમાં પ્રાપ્તિનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી રુચિ જાગૃત થશે. વ્યાપારિક ભાગીદારીમાં ચિંતન અથવા પુનર્વિચારનો યોગ છે.
કન્યા :- સારા સંબંધોને કારણે ઉન્નતિનો માર્ગ મોકળો થશે. યાત્રા અને મનોવિનોદમાં સમય પસાર થશે. કૌટુંબિક ગૂંચવણો દૂર થવાની સંભાવના છે.
તુલા :- ખર્ચા વધુ આવશે. ઝગડાથી માનસિક કષ્ટ વધશે. શંકા ન કરવી. વેપાર-ધંધા પર ધ્યાન આપવું. કૌટુંબિક સ્થિતિ સંતોષ અપાવશે.
વૃશ્ચિક :- પ્રયત્ન જરૂરી છે. કાર્યની ગતિ ઉત્તમ રહેશે. ધન-સંપત્તિનાં મામલા ઉકેલાશે. સંત સમાગમ થશે. કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.
ધન :- ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. તમારા આચરણની લોકો પ્રશંસા કરશે, નવા સંબંધ બની શકશે.
મકર :- જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે. તત્સંબંધમાં બહારના ક્ષેત્રોથી મદદ મળશે. વરિષ્ઠ સામાજિક વ્યક્તિઓથી વિવાદ થશે.
કુંભ :- આપની સફળતાનું મૂળ મંત્ર કોઈ પણ કાર્યને અશક્ય ન સમજવી છે. પરિચય ક્ષેત્રનો વિસ્તાર થશે. નવીન પ્રવૃત્તિઓ લાભકારી રહેશે.
મીન :- નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

## કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૮૨,૨૯,૩૧૩ સુધી પહોંચ્યો, કુલ મોત ૧,૨૨,૬૦૭
# ૨૪ કલાકમાં ૪૫,૨૩૧ નવા કેસ, વધુ ૪૯૬ના મોતઃ રિકવરી રેટ ૯૧.૭ ટકા


૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૫,૨૩૦ દર્દીઓ નોંધાયા છે.

ન્યુ દિલ્હી,
દેશ અને દુનિયામાં કોરોના વાયરસ સંકટ હજુ પણ છવાયેલું છે. ભારતમાં તહેવારોની સીઝન છે આવામાં સતર્કતા વધી છે. સમગ્ર દેશમાં રોજેરોજ આવતા કેસમાં ભલે છેલ્લા કેટલાક દિવસોથી ઘટાડો જોવા મળી રહ્યો હોય પરંતુ દિલ્હી સહિત એવા કેટલાક રાજ્યો છે જ્યાં કોરોનાએ ચિંતા વધારી છે. લેટેસ્ટ અપડેટની વાત કરીએ તો દેશમાં છેલ્લા આ સાથે કુલ કેસની સંખ્યા ૮૨,૨૯,૩૧૩ થઈ છે. જેમાંથી ૫,૬૧,૯૦૮ લોકો હજુ પણ સારવાર હેઠળ છે, જ્યારે ૭૫,૪૪,૭૯૮ લોકો સાજા થઈ ગયા છે. એક જ દિવસમાં કોરોનાથી ૪૯૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૨૨,૬૦૭ પર પહોંચ્યો છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ અત્યાર સુધીમાં દેશમાં ૧૧,૦૭,૪૩,૧૦૩ કોરોના ટેસ્ટ થયા છે. જેમાંથી ગઈ કાલે એટલે કે ૧ નવેમ્બરના રોજ ૮,૫૫,૮૦૦ સેમ્પલ ટેસ્ટ હાથ ધરાયા હતા.

અત્રે જણાવવાનું કે દિલ્હીમાં છેલ્લા કેટલાક સમયથી કોરોનાના કેસનો રાફડો ફાટી રહ્યો છે. જે ચિંતાજનક છે. જ્યાં રોજ એક કે બે હજાર કેસ આવતા હતા ત્યાં હવે રોજના ૫ હજારથી વધુ કેસ આવી રહ્યા છે. રવિવારે પણ દિલ્હીમાં ૫૬૦૦થી વધુ કેસ નોંધાયા. આ સાથે જ દિલ્હીના કુલ કોરોના કેસની સંખ્યા ૩.૯૨ લાખ થઈ ગઈ છે. અત્યાર સુધીમાં દિલ્હીમાં ૬૫૬૨ જેટલા લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા છે.

દેશમાં કોરોનાનો રિકવરી રેટ ૯૧.૭% ચાલી રહ્યો છે. જ્યારે મૃત્યુદર ૧.૫ ટકા પર છે. ડેલી પોઝિટિવિટી રેટ ૫.૩ ટકા પર છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના કુલ ૮,૫૫,૮૦૦ ટેસ્ટ કરવામાં આવ્યાં છે. આ સાથે અત્યાર સુધી દેશમાં કુલ ૧૧,૦૭,૪૩,૧૦૩ કોરોના ટેસ્ટિંગ થઈ ચૂક્યાં છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## હિરેન પટેલ હત્યાકાંડના આરોપી અજય કલાલ ને પાલિકા એ નોટિસ પાઠવી

ઝાલોદ,

ઝાલોદ નગર પાલિકા કાઉન્સિલર હિરેન પટેલના હત્યાકાંડનું કોકડું હજુય ગૂંચવાયેલું છે. અને મુખ્ય આરોપીઓ પણ હજી પોલીસ પકડ થી દુર છે. જેથી આ કેસ હાલ તો ઠંડી ના માહોલમાં ઠંડો પડી ગયો હોય તેમ લાગી રહ્યું છે. પોલીસ વોન્ટેડ આરોપીનું પગેરૂં મેળવવા છેલ્લા પંદર દિવસ થી ધમપછાડા કરી રહી છે. પરંતુ વોન્ટેડ આરોપી ઈમરાન ગુડાલા હજીય પોલીસ પકડ થી દુર છે. ત્યારે આ હત્યાકાંડ માં સામેલ અજય કલાલ ને પાલિકા દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે.

આ નોટીસ પેટ્રોલ પંપની

**અજય કલાલ સહિત રાહુલ જોધા રાઠોડ ને દુકાન પેટેના બાકી નીકળતા ૩૫ લાખ ૨૧ હજાર ભરવા એક સપ્તાહ માં ભરવા તાકીદ કરવામાં આવી**

પાછળ આવેલી દુકાન નંબર ૨ ને લઈને આપવામાં આવી છે. જેમાં આ દુકાન લેવામાં પાલિકાની વિવિધ સરતો ભંગ કરી અને પાલિકામાં ખોટા બીલો રજૂ કરી અને આ બીલો ની અવેજ માં નાણાં જમાં કરવામાં આવ્યા હતા. જેમાં આ દુકાન ની હરાજી માં રાહુલ જોધા રાઠોડ ને ફાળે રહી હતી અને પૈસા જમાં કરાવતી વખતે આ દુકાન અજય કલાલ ના નામે કરી દેવામાં આવી હતી. જેને લઈને પૈસા ભરવા થી લઈને દુકાન ની માલિકી ફેરબદલ સુધીમાં ગેરરીતિઓ આચરવામાં આવી હોવાનો મુદ્દો હિરેન પટેલ દ્વારા પાલિકા ની સામાન્ય સભામાં ઉઠાવવામાં આવ્યો હતો. અને તેના ૨૦ દિવસ બાદ જ તેઓની હત્યા કરવામાં આવી હતી.

ત્યારે પાલિકા દ્વારા આ દુકાન માં હરાજીમાં આખરી બોલી બોલેલા રાહુલ જોધા રાઠોડ તથા અજય કલાલ એમ બંને ને નોટિસ પાઠવવામાં આવી છે. જેમાં માત્ર બે લાખ રૂપિયા જમા કરાવ્યા બાદ પાલિકા ની સરતો નો ભંગ કરી અને બાકીના નાણાં સાટા પદ્ધતિ થી જમાં કરી છે. જે પધ્ધતિ અસ્તિત્વમાં નથી. તેનો ઉપયોગ કરેલ હોવાનું કહેવામાં આવેલ છે. તો સાથે સાથે બાકી નીકળતા નાણાં દિન ૭ માં ભરી જવા અને નહિં ભરાય તો દુકાન નો કબ્જો પરત લઈ અને આ બંને ઈસમો વિરૂદ્ધ નગર પાલિકા જેવી જાહેર સંસ્થા સાથે નાણાકીય ઉચાપત તથા છેતરપિંડીની પોલીસ ફરિયાદ કરવામાં આવશે તેવું નોટીસમાં જણાવવામાં આવ્યું હતું.

## ઝાલોદ પાલિકા એ માત્ર એક જ સપ્તાહમાં ૨૦ લાખ જેટલો મિલકત વેરો ઉઘરાવ્યો

ઝાલોદ,

ઝાલોદ નગર પાલિકા એ મિલકત વેરો બાકી હોવા અંગે પંદર દિવસ પૂર્વે જ નોટિસ આપી હતી, અને આ વેરો પંદર દિવસ માં ભરવામાં

**પાલિકા એ સિલ કરવાની નોટિસ સાથે જ એકશન માં આવતા ૪ લાખ જેટલો વેરો સ્થળ પર જ ઉઘરાવ્યો**

નહિ આવે તો મિલકત સિલ કરવામાં આવશે તેવી કુલ ૪૨ જેટલી નોટિસો ૫૦ હજાર થી ઉપર ની રકમ ના બાકી મિલકતદારો ને પાઠવવામાં આવી હતી. જે બાદ નગર મા આ બાકીદારો માં રીતસર નો ફફડાટ વ્યાપ્યો હતો અને પોતાના ભરવા પેટેના નાણાં રજા દરમ્યાન પણ ભર્યા હતા. જેને કારણે પાલિકા માં એક જ સપ્તાહ માં કુલ ૨૦ લાખ જેટલો મિલકત વેરો જમાં કરવામાં આવ્યો હતો. તો બાકી રહેલા લોકો એ નોટિસના સમય દરમ્યાન વેરો જમા ન કરાવ્યો હોઈ પાલિકા ની ટીમ દ્વારા આજ સોમવાર ના રોજ સ્થળ પર જઈ અને સિલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવતા. સ્થળ પર જ કુલ ૪ લાખ જેટલી રકમ જમા થઈ હતી. તો જેઓએ વેરો ભરવામાં નનૈયો ભણ્યો હતો તેઓની દુકાન તથા મિલકત પાલિકા દ્વારા સિલ કરવામાં આવી હતી.

## સરકારી લાભોમાં હવે પેઢીનામું ફરજીયાત છે કે પછી અધિકારીઓ દ્વારા લાભાર્થીઓને પરેશાન કરવાની તરકીબ ?

દે.બારીઆ,

ગુજરાતની ગતિશીલ અને સંવેદનશીલ સરકાર તરફથી મળતા દરેક લાભોમાં સરળતા કરી નાખી છે. જ્યારે સરકારી બાબુઓ સરકારી લાભોમાં અડચણ ઊભી કરતા દેખવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ૮મી ઓક્ટોબર ૨૦૨૦ થી ગ્રામ પંચાયતમાં વસતા આમ જનતાને જાતિ, આવક, ઓબીસી તેમજ આવકના પ્રમાણપત્રો અથવા દાખલાઓ મેળવવા માટે તાલુકાની મામલતદાર અથવા તાલુકા પંચાયત સુધી લંબાવું નહિ પડે ઉપરોક્ત તમામ દાખલા સ્થાનિક ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી પાસેથી મળી રહેશે તે સરાહનિય પગલું છે. સરકારી બાબુઓની સાઈડ ઈન્કમ બંધ થઈ જવા પામી છે. તેના કારણે તે વાત સરકારી બાબુઓને હજુ પણ ગળે ઉતરી નથી. તેથી સરકારી બાબુઓ એ દરેક કાર્યમાં એફીડેવીટ સાથે પેઢીનામું માંગી રહ્યા છે અને સરકારનું નવું સરકયુલેશનની આડ મૂકે છે. જે રેશનકાર્ડમાં નામ છે. તેના ઉપરથી પેઢીનામું બને છે. તો નવું પેઢીનામું બનાવવાની શું જરૂર છે. દાખલ દરેક વૃધ્ધ પેન્શન માટે માટે ફોર્મમાં દરેકે દરેક પુરાવા હોવા છતાં પેઢીનામું ફરજીયાત શામાટે માંગી રહ્યા છે. આ અંગે પદના સચિવકક્ષાના અધીકારીઓ ધ્યાન લેશે ખરા રેશનકાર્ડમાં લાભાર્થીનું એકનામ હોવા છતાં પેઢીનામું માંગી રહ્યા છે. ગરીબ વિધવા, ત્યકતા, વૃધ્ધોને શામાટે હેરાન પરેશાનીમાં નાખવામાં આવી રહ્યા છે. તે સમજાતું નથી કે પછી સરકારી બાબુઓ ટેકનીકલ ખામી ઉભી કરી શુ દર્શાવી રહ્યા છે. તે વાત સમજાતી નથી.

## દે.બારીયાની ઉચવણ ગામે છકડો પલ્ટી જતાં છકડામાં સવાર મુસાફરને ઈજાઓ થતાં સારવાર દરમ્યાન મોત

દાહોદ,

દેવગઢ બારિયા તાલુકાના ઉચવણ ગામે એક છકડાના ચાલકે પોતાના કબજાનો છકડો પૂર ઝડપે તેમજ ગફલતભરી રીતે હંકારી લાવી છકડાને પલ્ટી ખવડાવી દેતા તેમાં સવાર એક વ્યકિતને શરીર તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મોત નીપજ્યું હતું. જ્યારે ચાલકને ઈજાઓ પહોંચ્યાનું જાણવા મળે છે.

દેવગઢ બારિયા તાલુકાના મોતીપુરા ગામે રહેતો કૈલાશ ઉર્ફે કલી બલુભાઈ રાઠવા ગત તારીખ ૩૧મી ઓક્ટોબરના રોજ પોતાના છકડામાં કંચનભાઈ નટવરભાઈ દંતાણીને બેસાડી ઉચવાણ ગામેથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન કૈલાશ ભાઈએ પોતાના કબજાના છકડાને પુરઝડપે ગફલતભરી રીતે હંકારતા છકડા પરનો સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો અને જોતજોતામાં છકડો પલટી ખાઇ ગયો હતો. છકડો પલટી ખાઇ જતાં તેમાં સવાર કંચનભાઈ છકડા માંથી ફંગોળાયા હતા અને તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજા પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે કૈલાશ ભાઈ ને પણ શરીરે ઈજાઓ પહોંચતા તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

આ સંબંધે દેવગઢ બારિયા તાલુકાના જૂની ગોલવાડા ગામે રહેતા અજય ભાઈ રાજેશભાઈ દંતાણી દ્વારા દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દાહોદ યાદગાર ચોક ખાતે બાઈક અને ટેમ્પો વચ્ચે અકસ્માત : બાઈક ચાલકને ઈજાઓ

દાહોદ,

દાહોદ શહેરના યાદગાર ચોક ખાતે આજરોજ એક મોટર સાયકલના ચાલક અને ટેમ્પા વચ્ચે અકસ્માત સર્જાતા ઈજાગ્રસ્ત મોટરસાયકલ ચાલકને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

૨૪ કલાક ધમધમતો તેમજ ભરચક વિસ્તાર એવા યાદગાર ચોક ખાતે આજરોજ બપોરના સમયે એક મોટરસાયકલ અને ઈંડા ભરેલ ટેમ્પા વચ્ચે સામસામે અકસ્માત સર્જાતા ટેમ્પામાં ભરેલ ઈંડાના કેરેટમાના અસંખ્ય ઈંડાઓ ફૂટીને જમીન પર વેરવિખેર થઈ ગયા હતા. ત્યારે મોટરસાયકલ ચાલક પણ જમીન પર પટકાતા તેને શરીરે ઈજાઓ પહોંચતા દાહોદની નજીકની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ માર્ગ અકસ્માતને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને તું..તું..મે..મેં..ના દ્રશ્યો પણ સર્જાયા હતા. આ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

## દાહોદ કાળીતળાઈ ગામેથી ફોર વ્હીલમાં લઈ જવાતો ૧.૧૦ લાખના દારૂના જથ્થા સાથે બે વ્યકિત ઝડપ્યા

દાહોદ,

દાહોદ તાલુકાના ગામે પોલીસને મળેલ બાતમીના આધારે વોચ ગોઠવી ઉભા હતા. તે સમયે એક hyundai ફોરવીલ ગાડી ત્યાંથી પસાર થતા પોલીસે તેને ચારે તરફથી ઘેરી લઈ ગાડીમાં સવાર બે જણાની અટક કઈ ગાડીમાં તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલ નંગ.૩૬૨ કિંમત રૂપિયા ૧,૧૦,૭૪૦/- નો પ્રોહી જથ્થો મળી ગાડીની કિંમત મળી કુલ રૂપિયા ૩,૧૦,૭૪૦/- નો મુદ્દામાલ પોલીસે કબજે લીધો છે.

સુરતના ફુલવાડી ગામે રહેતો કાસમ નૂર મોહમ્મદ સંતવાણી તથા પીડ્યિા ભાઈ રત્નાભાઈ સંગાડા રહેવાસી મધ્ય પ્રદેશ આ બંને જણા ગત તારીખ ૧ નવેમ્બરના રોજ પોતાના કબજાની hyundai ગાડી લઈ દાહોદ તાલુકાના કાળી તળાઈ ગામેથી પસાર થઈ રહયા હતા.આ દરમિયાન પોલીસને મળેલ બાતમીના આધારે કાળી તળાઈ ગામે સતી તોરલ હોટલ ની બાજુમાં લીમડી બાયપાસ રોડ પર પોલીસ વોચ ગોઠવી ઉભા હતા. આ દરમિયાન ઉપરોક્ત બાતમી માં દર્શાવેલ hyundai ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસે તેને ચારે તરફથી ઘેરી લીધી હતી અને ઉપરોક્ત બંને વ્યક્તિઓની અટક કરી ગાડીની તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ ૩૬૨ કિંમત રૂપિયા ૧,૧૦,૭૪૦/- નભોઈ જથ્થા સાથે બે લાખની કિંમતની ગાડી મળી કુલ રૂ ૩,૧૦,૭૪૦/- ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત બંને વ્યક્તિઓ વિરૂદ્ધ દાહોદ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદ કલેકટર કચેરીના કર્મયોગી કેનથ ડામોરનું કોરોનાથી અવસાન થતા શ્રદ્ધાંજલિ અપાઇ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ કલેક્ટર કચેરીના હિસાબી શાખામાં કારકુન તરીકે ફરજ બજાવતા કેનથ ડામોરનું કોરોના સંક્રમણથી ગત શનીવારે દુઃખદ અવસાન થતાં જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે કલેક્ટર વિજય ખરાડી, નિવાસી અધિક કલેક્ટર એમ.જે. દવે સહિતના અધિકારીઓ-કર્મચારીઓએ તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ આપી હતી.

આ શોકના પ્રસંગે કલેક્ટર વિજય ખરાડીએ જણાવ્યું કે, ડામોર એક નિષ્ઠાવાન, ફરજપરસ્ત કર્મચારી હતા. તેમના ગત શનીવારે થયેલા અવસાન માટે હું શોકની લાગણી વ્યકત કરૂ છું અને એમના પરીવારજનો પર આવી પડેલા દુખને સહન કરવાની પ્રભુ શક્તિ આપે એવી પ્રાથના કરૂ છું.

કલેકટર ખરાડીએ સદ્દગતના શોકસંતૃપ્ત પરિવારજન પ્રત્યે પણ દિલસોજી વ્યક્ત કરી છે અને તેમને મળવાપાત્ર સરકારી સહાય ત્વરાથી મળે એવી કાર્યવાહી કરવા સંબંધિતોને સૂચના આપી છે.

વહીવટી તંત્ર માટે દરેક દરેક કર્મચારી ખૂબ મહત્વનો છે. કોરોના સામેની લડાઇ જીતવા માટે જીવતા રહેવું અને મક્કમપણે સાવધાની સાથે કોરોનાનો મુકાબલો કરવો એ ખૂબ જરૂરી છે. દરેક કર્મચારી કોરોના સામેની બધીજ સાવચેતીનું ફરજીયાત પાલન કરે. કોરોનાના કોઈ પણ લક્ષણ જણાય તો તુરંત ટેસ્ટ કરાવી લેવો. કોરોનાની કેટલીક બાબતોથી આપણે સાવ અજાણ છીએ. હાઈપોક્સીયામાં શરીરમાં સીત્તેર ટકા સુધી ઓક્સીજન ઘટી જાય છે અને દર્દીને બચાવવો ખૂબ મુશ્કેલ બની જાય છે. ફ્રન્ટલાઈન કોરોના વોર્રિયર્સ તરીકે જયારે કર્મચારીઓ કામ કરી રહ્યા છે ત્યારે ટેસ્ટ ઈઝ બેસ્ટ મંત્ર હંમેશા યાદ રાખો અને કોઇ પણ લક્ષણ જણાય તો તુરત ટેસ્ટ કરાવો.

## દાહોદના પશુપાલકોને પશુઓના ટેગિંગની કામગીરીમાં સહકાર આપવા અપીલ

દાહોદ,

ભારત સરકારના ઈન્ફર્મેશન નેટવર્ક ફોર એનિમલ પ્રોડકટવિટી એન્ડ હેલ્થ કાર્યક્રમ અંતર્ગત દાહોદ જીલ્લાના તમામ ગાય અને ભેંસ વર્ગના પશુઓને કડી (ટેગ) કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત જિલ્લાના એકવીસ લાખ જેટલા પશુઓને આવરી લેવાશે. આ ટેગિંગ પશુઓના આધાર કાર્ડ સમાન છે.

જિલ્લાના તમામ પશુપાલકોએ કડી મારવા માટે આવનારા પશુપાલન ખાતાના કર્મચારીઓને કડી મારવા માટે જરૂરી માહિતી નામ, આધારકાર્ડ તેમજ મોબાઈલ નંબર આપવાનો રહેશે. જેની નોંધણી INAPH સોફ્ટવેયરમાં કરવામાં આવશે. આ પ્રમાણે રજીસ્ટર થયેલા પશુઓને ભવિષ્યમાં કુદરતી આપત્તિથી મૃત્યુના કિસ્સામાં તેમજ સરકારની યોજનાઓ તેમજ પશુ ખોવાઈ કે ચોરાઈ જવાના કિસ્સામાં પોલીસ ફરીયાદ નોંધણી માટે જરૂરી પૂરવાર થશે. પશુપાલન ખાતાના કર્મચારી પશુપાલકના ઘરે ટેગીગની કામગીરી કરવા આવે ત્યારે કોઈ પણ જાતના સંકોચ વગર ટેગીગની કામગીરી કરાવી લેવી. ઉપરાંત કોઈ પશુપાલકોના પશુઓના ટેગીગની કામગીરી બાકી હોય તો તે માટે નજીકના કૃત્રિમ બીજદાન કર્મચારી, પ્રાથમિક પશુસારવાર કેન્દ્ર અથવા પશુ દવાખાનાનો સંપર્ક કરવા એક યાદીમાં નાયબ પશુપાલન નિયામક, દાહોદે જણાવ્યું છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૦૫કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૮૧૧ ને પાર પહોંચ્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૨૬૭ પૈકી ૦૨ અને રેપિડ ટેસ્ટના ૨૦૪૮ પૈકી ૦૩ એમ કુલ આજે ૦૫ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. આ ૦૫ કેસો પૈકી દાહોદમાંથી ૦૨, ઝાલોદ માંથી એક અને ધાનપુમાંથી બે કેસોનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૯ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતા એક્ટીવ કેસની સંખ્યા ૪૨ રહેવા પામી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૭૪ ને પાર પહોંચી ગઈ છે.

## કાયમી કરવાની માંગ સાથે કોરોના વોરિયર્સનું ગાંધીનગરમાં પ્રદર્શન, થઈ અટકાયત

ગાંધીનગર,

સિવિલ હોસ્પિટલના લેબ ટેક્નિશિયન અને લેબ આસિસ્ટન્ટ આજે કાયમી કરવાની માંગ સાથે ગાંધીનગર પહોંચ્યા હતા. પરંતુ કોરોનાકાળમાં કપરી કામગીરી બજાવનાર આ કર્મચારીઓ જ્યારે પોતાના હક માટે સરકાર સામે પહોંચ્યા તો તેઓની અટકાયત કરવામાં આવી હતી. ત્યારે ફરી એકવાર ભરતી મુદ્દે ગુજરાતમાં વિરોધ પ્રદર્શન જોવા મળ્યું છે. તમામ કર્મચારીઓની ગુજરાત સરકાર સામે નોકરીમાં કાયમી કરવાની માંગ ઉઠી છે. ભરતીના ૭ વર્ષ થયાં છતાં કાયમી નિમણૂંક નહીં આપાતા ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં કાર્યરત લેબ ટેકનેશિયન અને લેબ આસિસ્ટન્ટ વિરોધ પર ઉતર્યા હતા.

આરોગ્ય વિભાગ દ્વારા વર્ગ ૩ ના કર્મચારીઓની ૨૦૧૩ માં ભરતી કરવામાં આવી હતી. પરંતુ રાજ્યમાં ૪૫૦થી વધુ કર્મચારીઓની ભરતીને ૫ વર્ષ થી વધુ સમય થવા છતાં કાયમી નિમણૂક નહીં અપાતા તેઓ રજૂઆત કરવા ગાંધીનગર પહોંચ્યા હતા. વિભાગ અને સરકારમાં અનેક રજૂઆતો કર્યા છતાં કાયમી નિમણૂંક પત્રો આપવામાં આવ્યા નથી, જેથી કર્મચારીઓમાં ગુસ્સો જોવામળ્યો હતો.

## નીરવ રાયચુરાની IPS સાથે સ્વિમિંગ પૂલમાં મિત્રતા થઈ અને કોલસેન્ટર કૌભાંડની શરૂઆત થઈ



અમદાવાદ,

કોલસેન્ટર કૌભાંડનો પાયો નાખનાર નીરવ રાયચુરા વૈભવી લાઈફસ્ટાઈલ માટે જાણીતો હતો. કોલસેન્ટરની આંધળી કમાણી માટે તેને એક આઈપીએસ અધિકારીની મદદ મળી અને તેની કમાણી ટોપ ગિયરમાં આવી ગઈ હતી. સેગી ઉર્ફે સાગર ઠાકરને કોલસેન્ટરનો એ-ટુ-ઝેડ પાઠ નીરવ રાયચુરાએ શીખવ્યો હતો અને સેગી પાછળથી નીરવના કોન્ટેક્ટ અને સ્ટાઈલથી કામ કરવા માંડ્યો હતો. આ આખા કોલસેન્ટર કૌભાંડની શરૂઆત અમદાવાદના એક સ્વિમિંગ પૂલમાં સ્વિમિંગ શીખવા જતી વખતે આઈપીએસ અધિકારી સાથે હોવાની વિગત સૂત્રો પાસેથી જાણવા મળી રહી છે. કોલસેન્ટર કૌભાંડમાં સેગી ઉર્ફે સાગર ઠાકર અન્ય રાજ્યની પોલીસ તપાસમાં સામે આવ્યો ત્યારે ગુજરાતના એક આઈપીએસ અધિકારી પણ ચર્ચામાં આવ્યા હતા, પણ કોઈ કારણસર સેગી સીધો પોલીસના હાથમાં આવ્યો ન હતો.

હાલ સેગીને કોલસેન્ટરના પાઠ ભણાવનાર નીરવ રાયચુરા પોલીસ કસ્ટડીમાં છે, પણ તેની વૈભવી લાઈફસ્ટાઈલ જોઈને પોલીસ પણ ચોંકી ઊઠી છે. માહિતી પ્રમાણે સ્પેશિયલ દારૂની બોટલ ખરીદવા માટે નીરવ વિદેશ જતો હતો. એટલું જ નહીં, ડ્યૂટી ફ્રી શોપ પરથી તે દારૂ ખરીદીને પોતાના બારમાં સજાવતો હતો. નીરવ રાયચુરાએ જ્યારે કોલસેન્ટર કૌભાંડની શરૂઆત કરી ત્યારે તેના કોઈ કોન્ટેક્ટ ન હતા, પરંતુ તે રોજ સવારે સ્વિમિંગ પૂલમાં સ્વિમિંગ કરવા જતો હતો ત્યારે એક પોલીસ અધિકારી પણ ત્યાં આવતા હતા અને તેણે નીરવને મદદ કરી અને તે કોલસેન્ટરનો બાદશાહ બની ગયો હતો.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે પોલીસ અધિકારીની વગના કારણે નીરવના કોલસેન્ટર પર કોઈ પોલીસ જાય તો તે તેની વાત સીધી પોલીસ અધિકારી સાથે વાત કરાવી દેતો હતો. આ દરમિયાન સેગી પણ નીરવ સાથે કોન્ટેક્ટમાં હતો, પણ નીરવનો એ દરમિયાન સ્પોર્ટ્સ બાઈક પર અકસ્માત થયો અને તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. અકસ્માત થયા બાદ ઘણા સમય સુધી નીરવ નિષ્ક્રિય રહ્યો, જેનો લાભ સેગીએ લીધો અને તે નીરવના કોન્ટેક્ટનો ઉપયોગ કરવા માંડ્યો હતો. તેણે પોલીસ અધિકારી સાથે હાથ મિલાવી લીધા હોવાનું પણ સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

## કડવા ચોથ તહેવાર નું આધ્યાત્મિક મહત્વ - સંત રાજીન્દર સિંહજી મહારાજ



કડવા ચોથ એક પવિત્ર તહેવાર છે. આપણે તેને સુહાગણો નો તહેવાર પણ કહીએ છીએ. આ દિવસે હિન્દુ નારીઓ ભગવાન પાસેથી પોત-પોતાના પતિ ના લાંબા આયુષ્ય અને તંદુરસ્તી માટે પ્રાર્થના કરે છે. આ જે વ્રત છે. તે સૌથી મુશ્કેલ વ્રત છે કેમ કે આ વ્રત માં તમારે આખો દિવસ પાણી વગર રહેવુ પડે છે, કડવા ચોથના શું ફાયદા છે તે ઈતિહાસ માં કથાઓ દ્વારા જાણવા મળે છે.

આ વ્રત નુ પણ બીજાબધા વ્રતો જેવુ આધ્યાત્મિક મહત્વ છે. પરમ સંત કૃપાલ સિંહજી મહારાજ હંમેશા કહેતા કે આપણા જેટલા પણ વ્રત અને તહેવાર છે તેમના પાયામાં આધ્યાત્મ રહેલુ છે અને આ આપણા દેશની વિશેષતા છે કે બધા રીતી-રિવાજની પાછળ આધ્યાત્મિક ખજાનો છુપાયેલો છે. આવો આપણે જોઈએ કે આ જે કડવા ચોથનો તહેવાર છે તેમાં આધ્યાત્મિકતાનું ક્યું રહસ્ય છુપાયેલું છે?

કડવા ચોથ સવારે તારાઓની છાયાઓથી રાખવામાં આવે છે અને સાંજે ચંદ્ર જોયા પછી વ્રત ખોલવામાં આવે છે. તે ખરેખર અંતરનુ પ્રતિક છે. જે આપણને આધ્યાત્મના એક મુકામ થી બીજા મુકામ સુધી લઈ જાય છે.આ જે કડવા ચોથ નુ વ્રત છે. તે તારાઓથી લઈને ચંદ્ર સુધી આત્મા અને પરમાત્માના મેળાપ ની એક અવસ્થા નુ વણેન છે. આ વ્રત ત્યારેજ લાભદાયી છે, જ્યારે આપણે સવાર માં આપણા અંતરમાં તારાઓના દર્શન કરીએ.આખો દિવસ પ્રભુની યાદ માં અને ધ્યાન- અભ્યાસ માં પસાર કરીએ અને સાંજે અંતરમાં ચંદ્રના દર્શન કરીએ પછી પોતાના પ્રેમી ને જોઈએ જે આપણા હૃદય નો ચંદ્ર છે જે આપણા ગુરૂ છે. તેમના દર્શન કરીએ આજ કડવા ચોથ મનાવવાની સાચી રીત છે.

હવે શું થાય છે કે જે આપણી માતાઓ, પરિણીત પુત્રીઓ તથા બહેનો કડવા ચોથ નુ વ્રત રાખે છે પરંતુ દિવસ નો સમય પ્રભુની યાદ માં કોણ પસાર કરે છે? આપણે શું કરીએ છીએ સવારે ઉઠીને વ્રત રાખી, પછી બહેનપણી કે સંબંધીઓ સાથે ગપસપ કરીએ, એક બીજા જોડે તકરાર કરીએ, દિવસના સમયે સિનેમા જોઈએ કે પછી ઘરે બેસીને ટીવી જોઈએ પરંતુ જે આ વ્રત નો ખરો હેતુ હતો કે આખો દિવસ પ્રભુની યાદ માં અને ધ્યાન અભ્યાસમાં પસાર કરવાનો હતો તેના ઉપર અમલ કરતા નથી.આપણને તો નવા-નવા આભુષણો મેળવવાનુ બહાનુ મળી જાય છે.

આપણે આખો દિવસ સિનેમા માં તથા ટીવી જોવામાં વ્યથે ન કરીએ.આપણે સવારે ધ્યાનાભ્યાસમાં અને પ્રભુની યાદમાં પસાર કરીએ.

## દાઉદ ઈબ્રાહિમની રત્નાગિરિની પ્રોપર્ટીનું ૧૦ નવેમ્બરે લીલામ થશે



મુંબઈ,

પાકિસ્તાનના કરાચી શહેરમાં રહેતા ઈન્ટરનેશનલ માફિયા ડૉન દાઉદ ઈબ્રાહિમની મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લામાં આવેલી પ્રોપર્ટીનું લીલામ થશે. દસમી નવેંબરે લીલામ કરવાની તૈયારી થઈ ચૂકી હતી. સ્મગલર્સ એન્ડ ફોરેન એક્સચેંજ મેનીપ્યુલેટર્સ એજન્સીએ આ લીલામનો નિર્દેશ કર્યો હતો. અગાઉ મુંબઈના મુહમ્મદ અલી રોડ પર પાકમોડિયા સ્ટ્રીટમાં આવેલી દાઉદની પ્રોપર્ટીના લીલામના પ્રયાસો થયા હતા. જો કે એક કરતાં વધુ વખત એ પ્રયાસો નિષ્ફળ નીવડ્યા હતા કારણ કે અંધારી આલમ સાથે ટક્કર લેવાની કોઈની ઈચ્છા નહોતી.

દસમી નવેંબરે રત્નાગિરિમાં આવેલી દાઉદની મનાતી આઠ પ્રોપર્ટીનું લીલામ યોજવામાં આવ્યું છે. દાઉદને દેશ છોડીને નાસી ગયાને આજે ૩૬ વર્ષ થવા આવ્યાં. એ પહેલાં એટલે કે ૧૯૮૪માંજ દાઉદની મોટા ભાગની સંપત્તિને કબજે કરી લેવામાં આવી હતી. હાલ કોરોના હોવાથી ડિજિટલ રીતે આ સંપત્તિનું લીલામ યોજવામાં આવશે. છેલ્લાં વીસેક વર્ષમાં દાઉદની બે ડઝન કરતાં વધુ પ્રોપર્ટી આ રીતે લીલામમાં વેચાઈ ચૂકી હતી. યોગાનુયોગે દસમી નવેંબરે દાઉદના ઔર એક સાથી ઈકબાલ મિર્ચીની મુંબઈના જૂહુ વિસ્તારમાં આવેલી પ્રોપર્ટીનું પણ લીલામ થવાનું છે. ઈકબાલ મિર્ચી થોડા સમય પહેલાં લંડનમાં મરણ પામ્યો હતો.

# માતા સુમિત્રા


જીજ્ઞા કપુરીયા (નિયતી)

સૂર્યવંશી રાજા દશરથની બીજી પત્ની ''રાણીસુમિત્રા'' લક્ષ્મણ અને શત્રુધ્ન જેવાં મહાપરાક્રમી પુત્રોની માતા..

મારી દ્રષ્ટીએ સુમિત્રા એટલે ''કોઈપણ વિકટ પરિસ્થિતિમાં મનનું સમાધાન મેળવી લેતી સ્ત્રી.''

સુમિત્રા આખાં રામાયણમાં બહુ જ ઓછી વખત દેખા દે છે તેમ છતાં પણ એનાં વ્યકિતત્વની ગંભીર અસર તો વરતાય છે! આ એજ માતા છે જેને પોતાનાં વ્હાલસોયા અને નવપરિણીત પુત્રને રામની સેવા કરવાં કાળજે પથ્થર મૂકીને પણ વનમાં રામ સાથે મોકલે છે અને લક્ષ્મણજીને વિદાય આપતાં કહે છે,

'' ગચ્છ તાત! યતિ સુખમ્''

અર્થાત

''તમે સુખેથી સિધાવો અને રામની સેવા કરો, બેટાં તારા નશીબ છે કે તને શ્રી રામની સેવા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે અને ધ્યાન રાખજે મારૂ ધાવણ લજવતો નહી આજે હું ધન્ય થઈ ગઈ કે મારો પુત્ર રામભક્ત છે...''

ખરેખર આથી વિશેષ ત્યાગ એક માતાનો કયો હોય શકે? મારી દ્રષ્ટીએ કહુ તો આવી સતીસ્ત્રી કદાચિત હવે આ ધરા પર જન્મ લેશે કે નહીં એ પણ એક સવાલ છે? આ માતા સુમિત્રાનો વિશ્વાસ હતો કે રામ હશે ત્યાં મારા પુત્રનું અહિત તો નહીં થાય. દોસ્તો આ એ જમાનાની વાત છે જયારે વનમાં રાક્ષસોનું રાજ હતું અને એ પણ નરભક્ષી એટલે એક માતાનાં હદયની વિટંબણા તો જુઓ કદાચિત એનું હદય પણ એક ધબકારો ચુકી ગયો હશે! જરા એ માતાની મનોદશા વિચારી જોજો. અને એટલે જ પ્રભુ રામના હદયમાં માતા સુમિત્રાનું આગવુ સ્થાન છે કારણ પુત્રવિયોગમાં કલ્પાંત કરતાં માતા કૌશલ્યા અને પતિવિયોગમાં વિચલિત પુત્રવધુ ઉર્મિલાને એમણે બરાબર સંભાળ્યા હતાં.

રાજા દશરથ અને કૌશલ્યાને શાંત પાડતાં એમણે કહ્યું, ''શ્રીરામની નિષ્કલંકતા, ઉતારતા અને કર્તવ્યપરિયણતા જોઈને પાંચે તત્વો એની સેવામાં હાજર હશે, સ્વયંમ ધરતીમાતા જનની બનીને સુવડાવશે, સૂર્ય અને ચંદ્ર પણ આ સૂર્યવંશીનું રક્ષણ કરશે, કોઈ આપણાં પુત્રોનો વાળ પણ વાંકો નહીં કરી શકે કારણ એની પાછળ એક નહીં પણ ત્રણ ત્રણ માતાઓના આશીર્વાદ છે!

ખરેખર, આ પાત્ર એક એવું હતું કે થોડાં જ વખતમાં ઘણું શીખવાડી ગઈ, પોતાની પુત્રવધુને એનાં પતિવિયોગમાં એક નહીં પણ ૧૪ વર્ષ સંભાળવીએ કાંઈ નાની વાત નથી !

કદાચિત એટલે જ રામ પણ એમનાં ઋણી તો છે....

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 63

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# દિવાળી પર્વ પૂર્વે ફરસાણ-મીઠાઈ બનાવવાનો ધમધમાટ

# પંચમહાલ-દાહોદ-મહિસાગરમાં ખાદ્ય સામગ્રીની ગુણવત્તા તથા ભાવ નિયંત્રણ માટે તંત્ર વોચ રાખે

- કેટલાક વેપારીઓ દ્વારા હલ્કી સામગ્રી વાપરીને દિવસો સુધી એકસપાઈરી ડેટનો માલ વેચાણ થવાની સંભાવનાઓ.
- માવો, તેલ, બેસન તથા અન્ય સામગ્રીના અત્યારથી નમૂના લેવાય તે જરૂરી.
- અત્યારથી વપરાશનો સમયમર્યાદા લખવામાં નહીં આવતાની બૂમ.
- જેમ જેમ દિવસો નજીક આવશે તેમ તેમ ઊંચા ભાવે વેચાણની મોનોપોલી.
- મોટાભાગનો માવો જીલ્લા અને રાજ્ય બહારથી આવતા તપાસ થવી અનિવાર્ય.
- પર્વોમાં ગુણવત્તાયુકત અને આરોગ્યપ્રદ ફરસાણ-મીઠાઈ મળે તે જવાબદારી તંત્રની.
- સ્થાનિક પાલિકા તંત્ર અને જીલ્લા ફુડ એન્ડ સેફટી વિભાગ દ્વારા વેપારીઓને તાકીદ થાય.

ગોધરા,

દિવાળીના તહેવાર નજીક હોઈ પંચમહાલ-દાહોદ-મહિસાગર જીલ્લામાં આવેલી અનેક દુકાનો દ્વારા એડાવન્સમાં મીઠાઈ-ફરસાણ બનાવવાની રાત દિવસ તૈયારી કરી રહ્યા છે. ત્યારે વપરાતો માવો, તેલ તથા અન્ય સામગ્રી ગુણવત્તાયુકત સમય મર્યાદા લખવી અને ભાવ નિયંત્રણમાં રહે તે બાબતે સતત વોચ રાખવાની તંત્ર પાસે લોકો અપેક્ષા સેવી રહ્યા છે.

હિન્દુ તહેવારોનો મુખ્ય ગણાતો દિવાળી પર્વ ટાણે પરંપરા મુજબ ઘરના પરિવારજનો તથા સગાસંબધીઓ મિત્રોને મિલન - મુલાકાત ટાણે મીઠાઈ અને ફરસાણથી આવકારનો રિવાજ છે. ત્યારે નજીકના દિવસોમાં દિવાળી પર્વની સાથે નજીકના દિવસોમાં દિવાળી પર્વની સાથે અઠવાડિયા સુધી પર્વોની વણઝાર આવનાર છે. અને આ દિવસોમાં અનુલક્ષીને ફરસાણ અને મીઠાઈની ધૂમ ખરીદી થનાર છે. આ મીઠાઈ અને ફરસાણના જથ્થાને પહોંચી વળવા


પ્રતિકાત્મક તસ્વીર

અત્યારથી પંચમહાલ-દાહોદ અને મહિસાગર જીલ્લાની વિવિધ દુકાનદારો દ્વારા રાત-દિવસ વ્યંજનો સાથે આઈટમ બનાવવાની કવાયત શરૂ કરી દીધી છે.

આ પર્વમાં જથ્થા બંધ ફરસાણ અને મીઠાઈ બનાવવા માટે વેપારીઓ દ્વારા માવો-તેલ-બેસન તથા અન્ય વપરાશની સામગ્રી એકસપાયરી કે જે ગુણવત્તાવિહિન અને ડુપ્લીકેટ ખરીદી કરવામાં આવે છે. પરંતુ સસ્તી મળતી આ વસ્તુઓ ખરીદીને ફરસાણ અને મીઠાઈમાં વપરાશ કરીને દિવસો સુધી વેચાણ કરવાનો વેપારીઓ કિમિયો અજમાવતા હોય છે. દર વર્ષે પંચમહાલ-દાહોદ-મહિસાગર જીલ્લાના ફરસાણ વેપારીઓ દ્વારા આજ પ્રકારે બિનઆરોગ્યપ્રદ વસ્તુઓ વેચવા જાણે હોડ જામીને ઉંચા ભાવે વેચીને લોકો સાથે આરોગ્યના ચેડાં કરાતા હોવાની બૂમો વચ્ચે સરકાર દ્વારા નિયત કરાયેલ ભાવ કરતા બમણા રાખીને ગ્રાહકો સાથે ઉઘાડી ચોંક લુંટ ચલાવાતી હોવાની પણ અનેક ફરિયાદો ઊઠી રહી છે.

એક તરફ કોરોના વૈશ્વિક મહામારી અને બીજી તરફ આવનાર તહેવારોમાં લોકોના સ્વાસ્થ્યને અસર ન પડે તેવા ઉમદા હેતુસર લોકો માંગ કરી રહ્યા છે કે, પંચમહાલ-દાહોદ અને મહિસાગરના જિલ્લામાં મીઠાઈની દુકાનોમાં મીઠાઈ બનાવવામાં વપરાતો માવો મોટા પ્રમાણમાં જિલ્લા બહારથી આવે છે. તહેવારોના સમયમાં મીઠાઈ બનાવામાં માવાનો ઉપયોગ વિશેષ છે. ભુતકાળમાં પણ મીઠાઈમાં બનાવટી માવાનો ઉપયોગ થતો હોવાની વિહતો બહાર આવી હતી. માનવીના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે માટે ફુડ સેફ્ટી વિભાગ દ્વારા ચેકીંગ હાથ ધરવાવમાં આવે તે અત્યંત જરૂરીય બની રહ્યું છે. બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા પણ આદેશો કરી દેવામાં આવ્યા છે કે, મીઠાઈના પેકેટો પર મીઠાઈનો ઉપયોગ કેટલા સમય સુધી કરી શકાશે મતલબ કે મીઠાઈના પેકેટો ઉપર પણ હવે એક્સપાઈરી ડેપ કમ્પલસરી કરી દેવામાં આવી છે. આ તરફ પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તે આવશ્યક બની રહ્યું છે. આ જિલ્લામાં મીઠાઈની દુકાનોમાં હવે પાલિકા તંત્ર તેમજ જિલ્લા ફુડ એન્ડ સેફ્ટી વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે તે અંત્યર જરૂરી છે. દિવાળીના માહોલ વચ્ચે મીઠાઈના વેપારીઓ એકટીવ બન્યા છે. ત્યારે સાંભળવા એ પણ મળી રહ્યું છે કે, ઠલવાતો માવાનો વિપુલ પ્રમાણમાં જથ્થો મદયપ્રદેશના રતલામમાંથી કે ગ્રામ્ય વિસ્તારોમાંથી દિવસોથી આવેલો જથ્થો સંગ્રહ કરવામાં આવતો હોવાનું ચર્ચાઈ રહ્યું છે અને આ માવાના જથ્થામાં બનાવટી માવો પણ આ દિવસોમાં વધારે પ્રમાણમાં આવતો હોય છે. આવા માવાની પણ તપાસ હાથ ધરવામાં આવે અને આ માવાનો જથ્થો કેવી રીતે અને ક્યાંથી આવે છે? તે તરફ પણ તપાસ હાથ ધરવામાં આવે તે આજના સમયની માંગ છે.

અગાઉ કોરોનાના સંક્રમણના કારણે પણ કેટલીક દુકાનોમાં જથ્થાબંધ ગૃહઉદ્યોગ પાસે પડેલી સામગ્રી પણ આજકાલ વેચાણ અર્થે પધરાવી દેવાની પેરવી કરાઈ રહયાની ચર્ચાઓ સાંભળવા મળી રહ્યું છે. ત્યારે ત્રણેય જીલ્લામાં સ્થાનિક પાલિકા તંત્ર તથા જીલ્લા ફુડ એન્ડ સેફ્ટી વિભાગ દ્વારા સતત ચેકીંગ કરીને વપરાયેલી માલનો નમૂના અર્થે લેવામાં આવે તે જરૂરી બન્યું છે. આ માટે સંયુકત ટીમ રચીને આ મીઠાઈ અને ફરસાણના વિક્રેતાઓને ત્યાં સતત નજર રાખીને નમૂના લેવા સાથે તાકિદ કરવામાં આવશે તો જ દિવાળી ટાણે ત્રણ જીલ્લાની પ્રજાને સ્વાસ્થ્ય યુકત અને આરોગ્યપ્રદ મીઠાઈ અને ફરસાણ પ્રાપ્ત થશે. અન્યથા માત્ર દેખાવા ખાતર નમૂના લઈને સહી સલામતની બાંગો તંત્ર પોકારશે ?

## ધાનપુરના ભાણપુર ગામેથી ૫.૪૫ લાખના દારૂના જથ્થા સાથે આરોપીને ગોધરા સાયબર ક્રાઈમ પોલીસે ઝડપ્યો

ગોધરા,

ગોધરા સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ધાનપુર તાલુકાના ભાણપુર ગામેથી ગેરકાયદેસર રીતે વિદેશી દારૂ ની હેરાફેરી કરતા આરોપીને કુલ રૂ.૫,૪૫,૦૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ગોધરા સાયબર ક્રાઈમ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર જે.એન.પરમાર તેમજ સ્ટાફની ટીમે દાહોદ જિલ્લાના પોલીસ મથકોના વિસ્તારમાં




વોચમાં હતા. તે દરમિયાન પોલીસ ને બાતમી મળી હતી કે, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ભાણપુર ગામ મદય પ્રદેશ રાજ્યની બોર્ડર પર આવેલું ગામ હોવાથી અને અહીંથી જંગલ વિસ્તારમાંથી પસાર થતા કાચા રસ્તાઓ ઉપરથી ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂ ની હેરાફેરી કરવામાં આવે છે.જેથી પોલીસે અહીં જંગલ વિસ્તારમાં વોચ ગોઠવી હતી. તે દરમિયાન એક ખેપીયો કમલેશ બારીયા દ્વારા પોતાની બોલેરો ગાડીમાં વિદેશી દારૂના જથ્થા સાથે પસાર થઈ રહ્યો હતો. જેથી પોલોસે તેને રોકી ગાડીમાં તપાસ કરતા કુલ રૂ. ૨,૪૦,૦૦૦ નો વિદેશી દારૂ તેમજ બોલેરો કાર અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૫,૪૫,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ખેપિયા કમલેશ બારીયાની ધરપકડ કરી આગળ ની વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૭૯૧ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૬ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૮, હાલોલ-૦૬, કાલોલ-૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં

- ૧૨ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૮૯.
- મૃત્યુ આંક - ૧૨૧.

નવા ૧૬ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૭૯૧ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૬ પોઝીટીવ કેસ નોંધાયા તેવા આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

પંચમહાલ જિલ્લાની ગોધરા શહેરમાં આવેલી અમન ડે ચાણક્ય જુનિયર કોલેજ સાયન્સ સ્કૂલના અંગ્રેજી માધ્યમના બે વિદ્યાર્થી (૧) આર્યન ધાનકાની ૬૯૯૫ (૨) પયારે પરશુન ૭૭૧૦ (SC) ઓલ ઈન્ડિયા રેન્ક થી IIT માં રૂરકી તથા કાનપુર કોલેજમાં પસંદગી થયેલ છે. જેમને કલેકટર હસ્તે એવોર્ડ આપીને સન્માન કરવામાં આવેલ છે. જે ગોધરા શહેર માટે ગૌરવની વાત છે.

## હાલોલના ઉભરવણ ગામ રોડ ઉપરથી સેન્ટો કાર અને ટેમ્પોમાં લઈ જવાતા ૮ પશુઓને પોલીસે બચાવ્યા

હાલોલ,

હાલોલ તાલુકાના ઉભરવણ ગામની પોઢીયા તરફના માર્ગ ઉપર પાવાગઢ પોલીસ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી સેન્ટો ગાડી અને ટેમ્પોને રોકી તપાસ કરતાં કત્તલ માટે લઈ જવાતા ૮ કિંમત ૮૦,૦૦૦/-રૂપીયા મળી કુલ ૨.૮૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના ઉભરવણ ગામથી પોઢીયા તરફ જતા માર્ગ ઉપર પાવાગઢ પોલીસ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પસાર સેન્ટો ગાડી નંબર જીજે.૧૭.બીએ.૯૪૨૮ તથા ટેમ્પો નંબર જીજે.૦૨.ઝેડ.૩૧૭૧ને રોકવા જતાં વાહનોમાંથી ચાર ઈસ્મો નાશી છુટીયા હતા. પોલીસે વાહન લઈ જવાતી સેન્ટો ગાડી માંથી ૧ ગાય તથા ટેમ્પોમાંથી ૭ ગૌવંશ મળી કુલ ૮ પશુઓ કત્તલખાને લઈ જવાતા બચાવી લેવામાં આવ્યા. આ બાબતે પાવાગઢ પોલસી મથકે પ્રાણીકુરતા અધિનિયમ હેઠળ ફરિયાદ નોંધાવામાં આવી.

## કાલોલના અડાદરા ગામે IPL ક્રિકેટ ઉપર સટ્ટો રમાડતા બે ઈસમોને ૩૯ હજારના મુદ્દામાલ સાથે ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના અડાદરા ગામે આઈ.પી.એલ. ૨૦-૨૦ લાઈવ ક્રિકેટ ઉપર સટ્ટો અને રમાડી રહ્યા છે. તેવી બાતમીના અધારે પોલીસે રેડ કરી ૩૯,૮૯૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે બે વ્યકિતને ઝડપી પાડવામાં આવ્યા.

વિસ્તૃત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના અડાદરા ગામે રહેતા પિન્કેશ ઉર્ફે બુધો ગોપાલદાસ શાહ પોતાના રહેણાંક મકાનમાં આઈ.પી.એલ. ૨૦-૨૦ લાઈવ ક્રિકેટ મેચનો સટ્ટો રમાડી રહ્યો છે. તેવી બાતમી વેજલપુર પોલીસને મળસી હતી. બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. ત્યારે પોતાના ઘરે ટી.વી. ઉપર ચાલતી આઈ.પી.એલ. કિંગ્સ ઈલેવનર પંજાબ- અને ચેન્નઈ સુપર કિંગ્સ લાઈ મેચ દેખીને મોબાઈલમાં ક્રિકેટ લાઈન ગુરૂ નામની એપ્લીકેશન દ્વારા ફોન ઉપર સટ્ટો રમી અને રમાડી રહ્યા હતા. પોલીસને રેડ દરમ્યાન પિન્કેશ ઉર્ફે બુધો શાહ અને હિતેશ ગોપાલદાસ શાહને ઝડપી પાડયા હતા. ટીવી, ટાટા સ્કાયનું સેટઅપ બોકસ,સ્ટેવીલાઈસર મોબાઈલ ફોન અંગઝડતી દરમ્યાન રોકડા ૧૦,૫૯૦/-રૂપીયા મળી કુલ ૩૯,૮૯૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામા આવ્યા હતા. જ્યારે કયામુદિન જે. ઈસદીન શેખ રહે. કાલોલ સ્થળ ઉપર મળી આવ્યો ન હતો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ખેડૂતો દ્વારા ડાંગરના પાકની કાપણી શરૂ કરવામાં આવી

શહેરા,

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં ડાંગરના પાકની કાપણી શરૂ થતા ખેત મજુરોને રોજગારી મળી રહી છે. ખેડૂત અને ખેડૂતના પરિવાર ખેતરમાં ડાંગરને ઝૂડતા જોવા મળતા હોય છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહયા નથી.

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમા મૂખ્યત્વે ડાંગર અને મકાઈની ખેતી કરવામા આવે છે.ચોમાસાની


તસ્વીર : તુષાર દરજી, શહેરા

સિઝન પુરી થતા હાલમા ગ્રામીણ વિસ્તારોમાં ડાંગરના પાકની કાપણી ખેડુતો દ્વારા શરૂ કરી દેવામા આવી છે. ડાંગરની કાપણી શરૂ થતા ખેત મજુરોને પણ રોજગારી મળી રહી છે. ખેતરમાં ખેત મજૂરો સાથે ખેડુત અને તેમના પરિવારના સભ્યો ભેગા મળીને ડાંગરની કાપણી શરૂ કરી દીધી છે.આ વર્ષે તાલુકામાં વરસાદ પડ્યો પણ તેની સમય અનુકુળતા પ્રમાણે ન પડ્યો હોવાને કારણે ડાંગરના પાકમા ઉત્પાદન ઓછુ મળશે એવુ ખેડૂતો પાસેથી જાણવા મળ્યુ છે.ડાંગરની પાકની કાપણી બાદ ડાંગરને ઝુડવા ની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. ડાંગરના સારા ભાવની આશા ખેડૂતો રાખી રહયા છે.

## કિશોરી દુષ્કર્મ કેસઃ પોલીસ દિશાના રિમાન્ડ મેળવીને વધુ પૂછપરછ કરશે

વડોદરા,

વડોદરાના બગલામુખી મંદિરના પાખંડી પ્રશાંત ઉપાધ્યાયે ૨૦૧૩થી ૨૦૧૭ દરમિયાન ૫ વર્ષમાં તેની સેવામાં રહેલી કિશોરી પર ૧૨ વખત દુષ્કર્મ આચર્યું હતું. આ કેસમાં પોલીસે પ્રશાંતની ખાસ શિષ્યા દિશા જોનની ઝડપી લીધી હતી. પોલીસ તેના રિમાન્ડ મેળવીને વધુ પૂછપરછ કરશે. પ્રશાંતની શિષ્યા દિશા અને દીક્ષાએ કિશોરીને પ્રશાંતના રૂમમાં મોકલતી હતી. પ્રશાંતની ત્રણ શિષ્યા દિશા ભગતસિંહ



સચદેવા ઉર્ફે દિશા જોન, દીક્ષા જસવાની ઉર્ફે સીમા તથા ઉન્નતિ જોષી પણ દુષ્કર્મ કેસમાં સામેલ હોવાનો આરોપ પીડિતાએ પોલીસ ફરિયાદમાં લગાવ્યો છે. આ ત્રણેય શિષ્યા પ્રશાંતનાં અનેક રહસ્યો જાણે છે.

દીક્ષા જસવાની ઉર્ફે સીમા હાલ દુબઈ હોવાનું બહાર આવ્યું છે, જ્યારે ઉન્નતિ જોષીની માહિતી ન મળતાં તપાસ શરૂ કરાઈ હતી. પ્રશાંત ભૂતકાળમાં નોંધાયેલી દુષ્કર્મ અને ઠગાઈની ફરિયાદના કેસમાં જેલની હવા ખાઈ રહ્યો છે. આ કેસમાં પૂછપરછ કરવા પોલીસે તેનો જેલમાંથી ટ્રાન્સફર વોરન્ટ દ્વારા કબજો લેવાની તજવીજ શરૂ કરી છે. હાલ યુવતી બની ચૂકેલી, પરંતુ ૨૦૧૩માં દસમા ધોરણમાં અભ્યાસ કરતી ૧૩ વર્ષની કિશોરીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે તેના પિતા વારસિયા બગલામુખી બ્રહ્માસ્ત્ર વિદ્યા મંદિર અવારનવાર દર્શન કરવા જતા હતા અને સત્સંગમાં પ્રશાંત ઉપાધ્યાયથી પ્રભાવિત થયા હતા.

ત્યાર પછી તે અને તેનો પરિવાર પણ વારસિયા મંદિરમાં જતા હતા. તેને માથાના વાળની તકલીફ હોવાથી પિતાએ પ્રશાંત ઉપાધ્યાય ડોકટર હોવાથી તેમની દવા લઈએ તેમ જણાવતા. પ્રશાંતે તેમને ઘડિયાળ સર્કલ નજીકના યોગક્ષેમ બિલ્ડિંગમાં આવેલા દવાખાને બોલાવ્યા હતા, જેથી ત્યાં જતાં તેને દવા પણ આપી હતી. ત્યાર પછી તે પણ પ્રશાંતથી પ્રભાવિત થઈ હતી અને વારસિયા મંદિર ખાતે અવારનવાર સેવા કામ માટે જતી હતી.

## રાજ્યની તમામ કોલેજોને ફાયર વિભાગની NOC બે દિવસમાં આપવા તાકીદ

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટમાં સ્કૂલ-કોલેજોમાં ફાયર એનઓસી અંગે જાહેર હિતની દાખલ થયેલી અરજીમાં ૪, નવેમ્બરે સુનાવણીમાં સરકારે જવાબ આપવાનો છે. જેથી શિક્ષણ વિભાગે રાજ્યની તમામ કોલેજોને તાત્કાલિક ફાયર એનઓસી મેળવી લેવા અને તેની વિગતો બે દિવસમાં મોકલી આપવા આદેશ કરતા કોલેજ સંચાલકો મૂંઝવણમાં મુકાયા છે. શુક્રવાર, શનિવાર, રવિવારની રજા ગયા બાદ આવતીકાલે ઉઘડતા સપ્તાહથી સંચાલકોને એનઓસી માટે દોડધામ કરવી પડશે.

શિક્ષણ વિભાગે તા.૨૭-૧૦ના રોજ તમામ કોલેજોને પરિપત્ર કરીને તાકીદ કરી છે કે હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ થઈ છે. જે અન્વયે ફાયર એનઓસીની વિગતો હાઈકોર્ટમાં તા.૪-૧૧ની મુદતે રજૂ કરવાની છે. જેથી સરકારી-ખાનગી કોલેજો તથા શાળાઓને ફાયર એનઓસી મેળવી લેવા તથા એનઓસીની વિગતો બે દિવસમાં સોફટ કોપીમાં આપવી.

વાસ્તવમાં સાત વર્ષ પહેલાં યુજીસી, એમસીઆઈ અને એઆઈસીટીઈએ તમામ કોલેજો માટે ફાયર એનઓસી ફરજિયાત બનાવ્યું હતું. તેનું આજ સુધી કઈ કોલેજે પાલન કર્યું, કોણે ના કર્યું તેની વિગત શિક્ષણ વિભાગ પાસે પણ નથી. હાઈકોર્ટમાં પીઆઈએલ થઈ તેના પગલે વિભાગે તાબડતોબ તમામ કોલેજોને એનઓસી આપવા તાકીદ કરી છે.રાજ્યમાં ૭૨ યુનિવર્સિટી અને ૨,૫૪૪ કોલેજો છે. આટલી કોલેજોમાં ફાયર એનઓસી છે કે નહીં ? હોય તો રિન્યૂ કર્યું છે કે નહીં ? હવે ૪ નવેમ્બર પહેલાં ફાયર એનઓસી મેળવવાની છે.